પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૧૬૦ • કુલ પાના : ૪ • તારીખ : ૦૨-૦૩-૨૦૨૨ બુધવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## યુક્રેન બોમ્બ વિસ્ફોટમાં એક ભારતીય વિદ્યાર્થીનું મોત, વિદેશ મંત્રાલયે પુષ્ટિ કરી

નવીદિલ્હી,

રશિયા યુક્રેન સંઘર્ષમાં એક ભારતીય વિદ્યાર્થીએ જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. યુક્રેનમાં બોમ્બ વિસ્ફોટમાં એક ભારતીય વિદ્યાર્થીનું મોત થયું છે. વિદેશ મંત્રાલયે આ વાતની પુષ્ટિ કરી છે. મળતી માહિતી મુજબ, આ વિદ્યાર્થી કર્ણાટક રાજ્યનો છે અને યુક્રેનના ખાર્કિવમાં થયેલા ફાયરિંગમાં તેનું મોત થયું છે.

નોંધનીય છે કે, યુક્રેન અને રશિયાનું યુદ્ધ મંગળવારે છઠ્ઠા દિવસમાં પ્રવેસ્યો છે. બંને દેશો વચ્ચે ગઈકાલની મંત્રણા નિષ્ફળ ગયા બાદ રશિયાએ યુક્રેનની રાજધાની કિવ અને અન્ય મોટા શહેર ખાર્કિવમાં તોપમારો વધાર્યો છે. ખાર્કિવમાં આજે આ હુમલામાં એક ભારતીય વિદ્યાર્થીનું મોત થયું છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ ટ્વીટ કર્યું, "ખૂબ દુઃખ સાથે અમે પુષ્ટિ કરીએ છીએ કે, આજે સવારે ખાર્કિવમાં ગોળીબારમાં એક ભારતીય વિદ્યાર્થી માર્યો ગયો છે. મંત્રાલય તેના પરિવારના સંપર્કમાં છે. અમે પરિવાર પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરીએ છીએ."

દરમિયાન નાટો દેશોના પ્રતિબંધથી ભડકેલા રશિયાન પ્રસિડન્ટે પોતાની પરમાણુ ફોર્સને એલર્ટ કરી દીધી છે. આ દરમિયાન રશિયાના 'જિગરી દોસ્ત' બેલારુસે પણ હવે યુક્રેનને લઈને પશ્ચિમના દેશોને આંખ બતાવી છે અને ત્રીજા વિશ્વયુદ્ધની ચેતવણી આપી છે. બેલારુસના તાનાશાહ એલેક્ઝાન્ડર લુકાશેંકોએ રશિયા સમક્ષ ઈચ્છા વ્યક્ત કરી છે કે, તેને પરમાણુ બોંબ આપવામાં આવે.



યુક્રેનના યુદ્ધમાં પુતિન કે પશ્ચિમના દેશો બેમાંથી કોઈ ઝૂકવા તૈયાર નથી. રશિયા સામે ઘણા મોટા પ્રતિબંધો લગાવનારા પશ્ચિમના દેશોએ જાહેરાત કરી છે કે, હવે યુક્રેનને ફાઈટર જેટ પણ આપશે. આ પહેલા પશ્ચિમના દેશ યુક્રેનને સ્ટિંગર મિસાઈલ, જેવલિન, હજારોની સંખ્યામાં રાઈફલ આપી ચૂક્યા છે. આ હથિયારોના બળ પર યુક્રેનની સેનાએ રશિયાને ઘણું નુકસાન પહોંચાડ્યું છે. આ જંગમાં હવે એ સમયે નવો વળાંક આવ્યો છે, જ્યારે બેલારુસએ કથિત રીતે રશિયાને પોતાના દેશમાં પરમાણુ બોંબ રાખવાની મંજૂરી આપી દીધી છે.

બેલારુસની સરહદ યુક્રેન સાથે જોડાયેલી છે. બેલારુસ રશિયા અને યુક્રેન વચ્ચે છેડાયેલા યુદ્ધમાં અત્યાર સુધી સત્તાવાર રીતે અલગ હતું, પરંતુ હવે અમેરિકા તરફથી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, બેલારુસની સેના પુતિનની સેના સાથે મળી શકે છે. હાલમાં બેલારુસ મિલિટ્રી એક્સસર્સાઈઝ કરવા ગયેલા રશિયાના સૈનિક ત્યાંથી ચેર્નોબિલના રસ્તે યુક્રેનમાં ઘૂસી ગયા છે. કીવ ઈન્ડિપેન્ડન્ટના રિપોર્ટ મુજબ, બેલારુસ પોતાના બિન પરમાણુ હથિયારના દરજ્જા અને નિષ્પક્ષ રહેવાના નિર્ણયને બદલવા જઈ રહ્યું છે.

કીવ ઈન્ડિપેન્ડન્ટે પોતાના રિપોર્ટમાં કહ્યું કે, બેલારુસ હવે પોતાની સરહદની અંદર પરમાણુ હથિયાર રાખવા જઈ રહ્યું છે. તના માટે ૬૫.૧૬ ટકા લોકોએ કથિત રીતે બંધારણ સંશોધનને પોતાની મંજૂરી આપી દીધી છે. આ નવા જનમત સંગ્રહથી રશિયાને હવે કથિત રીતે મંજૂરી મળી ગઈ છે કે તે પોતાના પાડોશી દેશનો ઉપયોગ પરમાણુ મિસાઈલ લોન્ચ કરવા માટે કરી શકે છે. આ પહેલા રશિયા અને બેલારુસના હજારો સૈનિકોએ યુક્રેન પર હુમલાના થોડા દિવસ પહેલા વ્યાપક એક્સસર્સાઈઝ કરી હતી.

માનવામાં આવી રહ્યું છે કે, યુક્રેનમાં ફસાયેલા રશિયાની મદદ માટે બેલારુસના તાનાશાહ પરમાણુ હુમલાની ધમકી આપી રહ્યા છે. એલેક્ઝાન્ડર લુકાશેંકો પરમાણુ બોંબ અને ત્રીજા વિશ્વ યુદ્ધનું નામ લઈને યુક્રેનને ડરાવવા ઈચ્છે છે. લુકાશેંકોએ અમેરિકા સહિત પશ્ચિમના દેશો પર આરોપ લગાવ્યો છે કે, તે યુક્રેન યુદ્ધ દ્વારા રશિયાને ત્રીજા વિશ્વયુદ્ધ તરફ ધકેલી રહ્યું છે. તેમણે ભાર આપીને કહ્યું કે, રશિયા પર અમેરિકા અને બ્રિટનના પ્રતિબંધ રશિયાના યુક્રેનમાં હુમલાને વધારી રહ્યા છે.

યુરોપના છેલ્લા તાનાશાહ લુકાશેંકોએ કહ્યું કે, 'હવે ઘણી વાતો બેક્કિંગ સેક્ટર, ગેસ, ઓઈલ, સ્વિફ્ટને લઈન થઈ રહી છે. તે યુદ્ધથી વધારે ખરાબ છે. તે રશિયાને ત્રીજા વિશ્વયુદ્ધ તરફ ધકેલી રહ્યું છે. આપણે અહીં સંયમ રાખવાની જરૂરી છે, જેથી સંકટમાં ફસાઈ ન જઈએ, કેમકે પરમાણું યુદ્ધ બધું ખતમ કરી દેશે.' આ પહેલા લુકાશેંકોએ ચેતવણી આપી હતી કે, જો આ યુદ્ધ ચાલતું રહ્યું તો યુક્રેન માંસના ઢગલામાં બદલાઈ જશે. બેલારુસના પ્રેસિડન્ટે કહ્યું કે, જો આ યુદ્ધ ચાલુ રહ્યું તો ઘણું ગંભીર થવા જઈ રહ્યું છે. યુક્રેનના પ્રેસિડન્ટ જેલેન્સ્કી અમેરિકા કે કોઈ અન્ય બંકરમાં છૂપાયેલા ન રહી શકે. એ જ કારણ છે કે, યુદ્ધ બંધ થવું જોઈએ. ફ્રાંસીસી રાષ્ટ્રપતિ ઈમૈનુઅલ મેક્રોંએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે યુક્રેનમાં નાગરિકો પર થઈ રહેલા હુમલાને લઈને ચિંતા જાહેર કરતા ફોન પર વાત કરી હતી. ફ્રાંસના નેતાના કાર્યાલયના એક નિવેદનમાં આ પ્રકારની જાણકારી આપવામાં આવી છે. મેક્રોંના કાર્યાલયે કહ્યું કે, ફોન પર લગભગ ૯૦ મીનિટ સુધી વાતચીત ચાલી હતી, જેમાં રશિયાના નેતા પાસેથી યુક્રેનમાં નાગરિકો અને નાગરિકોના માળખાગત સુવિધા વિરુદ્ધ હુમલા રોકવા માટે કહેવામાં આવ્યું છે.

રશિયાના રાષ્ટ્રપતિ પુતિને ફ્રાંસના રાષ્ટ્રપતિને કહ્યું કે, યુક્રેન સમાધાન ત્યારે જ શક્ય છે, જ્યારે રશિયાના સુરક્ષા હિતો પર વિચાર કરવામાં આવે.પોતાની માગ રાખતા પુતિને કહ્યું કે, યુક્રેનના ડિમિલિટરાઈઝેશન (વિસૈન્યીકરણ) થવું જોઈએ. આ ઉપરાંત પશ્ચિમી દેશ ક્રીમિયા પર રશિયા સંપ્રુભુતાને માન્યતા આપે તો, યુક્રેન પર લડાઈ ખતમ થઈ શકે છે.જ્યારે રશિયા કાયદેસરની સુરક્ષા હિતોને કોઈ પણ શરત વગર ધ્યાનમાં લેવામાં આવે.

## ગુજરાતભરમાં શિવરાત્રીની ભક્તિમય ઉજવણી કરાઈ "ૐ નમઃ શિવાય"નો નાદ ગુંજ્યા

અમદાવાદ,

આજે મંગળવારે મહાશિવરાત્રિના પવિત્ર પર્વ નિમિત્તે ગુજરાતભરમાં આવેલા ભગવાન શંકરના મહાદેવોમાં ઓમ નમ : શિવાયના નાદ ગુંજી ઉઠયા હતાં.શિવરાત્રી પ્રસંગે અનેક ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સોમનાથ મહાદેવ મંદિરમાં ભક્તોનું ઘોડાપૂર ઊમટ્યું હતું.કોરોનાની ત્રીજી લહેરમાં સંભવિત ઘટાડો થતાં લોકો હજારોની સંખ્યામાં દેવાધિદેવ મહાદેવનાં દર્શન કરવા ઊમટી પડ્યા હતા.આજે મહાશિવરાત્રી પર્વ નિમિત્તે ભક્તો માટે સોમનાથ મંદિર સતત ૪૨ કલાક ખુલ્લું રહ્યું હતું સોમનાથ મંદિરે હજારો ભક્તોએ મહાદેવનાં દર્શન-પૂજા કરી ધન્યતા અનુભવી હતી મહાદેવને પારંપરિક પાઘનો શૃંગાર કરવામાં આવ્યો હતો. સાથે જ શ્વેતાંબર પીતાંબર અને પુષ્પોથી મહાદેવની મનમોહક ઝાંખી કરવામાં આવી હતી. આજે સવારે ૬ વાગ્યે સોમનાથ મહાદેવની પ્રાતઃ મહાપૂજા અને આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ ૮ વાગ્યે સોમનાથ મહાદેવને નુતન ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. વહેલી સવારથી ભક્તો કતારબંધ લાઈનમાં સોમનાથ મહાદેવને શીશ ઝુકાવી પુણ્યનું ભાથું બાંધતા નજરે પડી રહ્યા હતા. નોંધનીય છે કે પર્વને લઈને સોમનાથ મહાદેવ મંદિર સતત ૪૨ કલાક ભાવિક ભક્તો માટે ખુલ્લું રાખવામાં આવ્યા હતાં.



મહાશિવરાત્રીના દિવસે ગિરિ તળેટીમાં ભવનાથ મહાદેવના દર્શન કરવા માટે વહેલી સવારથી જ માનવ મહેરામણ ઘૂઘવાતો જોવા મળી રહ્યો હતો. ખુબ મોટી સંખ્યામાં શિવ ભક્તો પગપાળા ભવનાથ મહાદેવના દર્શન કરવા માટે આવ્યા હતાં.મહાશિવરાત્રીનો મેળો ભવનાથની ગિરિ તળેટીમાં આયોજિત થતો આવ્યો છે. ત્યારે બે વર્ષ બાદ આ વર્ષે સંપૂર્ણ મેળાનું આયોજન થયું છે. તેને લઈને ખૂબ મોટી સંખ્યામાં શિવભક્તો ભવનાથ મહાદેવના દર્શન કરવા માટે આવ્યા હતાં સતત આવી રહેલા ભક્તોનો પ્રવાહ ભવનાથની ગિરિ તળેટીને શિવમય બનાવી રહ્યો હતો આજે રાત્રીના સમયે નાગા સંન્યાસીઓની રેલી નીકળી હતી જેમાં ભક્તોમાં ભારે ઉત્સાહ પણ જોવા મળ્યો હતો.

આ ઉપરાંત અમદાવાદમાં આવેલા ચકલેશ્વર મહાદેવ,નિર્ણયનગર ખાતે આવેલા રામેશ્વર મહાદેવ સહિતના મહાદેવના મંદિરોમાં સવારથી જ ભક્તોની લાઈનો લાગી હતી.સવારથી જ ભક્તો શિવજીને પાણીનો અભિષેક કરતા જોવા મળ્યા હતાં.કેટલાક લોકોએ બીલીપત્રનો અભિષેક કર્યો હતો.આ ઉપરાંત અનેક મંદિરોમાં શિવ તાંડવ સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતુ

## રશિયાએ યુક્રેનમાં યુદ્ધ દરમિયાન સૌથી ખતરનાક વેક્યૂમ બોમ્બનો ઉપયોગ કર્યો

કીવ,

યુક્રેન વિરુદ્ધ રશિયાના હુમલા સતત વધી રહ્યા છે. આ બધા વચ્ચે કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરાયો છે કે રશિયાએ યુક્રેનમાં યુદ્ધ દરમિયાન વેક્યૂમ બોમ્બનો ઉપયોગ કર્યો છે. અત્રે જણાવવાનું કે રશિયાના રાષ્ટ્રપતિએ હાલમાં જ દેશની ન્યૂક્લિયર ફોર્સને તૈયાર કરવા માટે કહ્યું હતું. વેક્યૂમ બોમ્બ ન્યૂક્લિયર બોમ્બ બાદ સૌથી ખતરનાક ગણાય છે. જેને રશિયાએ 'ફાધર ઓફ ઓલ બોમ્બ' નામ પણ આપ્યું છે.

આ દાવો યુક્રેનના અમેરિકામાં રાજદૂત ઓકસાના માર્કારોવાએ કર્યો. તેમણે કહ્યું કે રશિયાએ આ વિનાશક બોમ્બનો ઉપયોગ કર્યો છે. આ બોમ્બને જીનેવા કન્વેન્શન દરમિયાન બેન કરાયો હતો. ઓકસાના માર્કારોવાએ દાવો કર્યો છે કે રશિયાએ આ બોમ્બનો ઉપયોગ એરસ્ટ્રાઈક દરમિયાન કર્યો. આ ઉપરાંત યુક્રેનમાં ઓખતિર્કાના મેયરે પણ આ ચોંકાવનારો દાવો કર્યો છે. તેમણે રશિયા પર વેક્યૂમ બોમ્બ છોડવાનો આરોપ લગાવ્યો છે.

સીએનએનએ જે રિપોર્ટ દર્શાવ્યો છે તે મુજબ શનિવારે બપોરે રશિયાના થર્મોબારિક મલ્ટીપલ રોકેટ લોન્ચર યુક્રેન બોર્ડર લોન્ચ કરાયા હતા. જ્યારે વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી જેન પ્સાકીએ કહ્યું કે એવા રિપોર્ટ જરૂર છે, પરંતુ આ અંગે કોઈ અધિકૃત જાણકારી નથી. જેને કહ્યું કે જો આ સાચુ હોય તો યુદ્ધમાં કરાયેલો સૌથી મોટો અપરાધ ગણાશે.

સૈન્ય કાર્યવાહી શરૂ કરનારા રશિયા પાસે બધા બોમ્બનો બાપ છે. 'ફાધર ઓફ ઓલ બોમ્બ' દુનિયાનો સૌથી શક્તિશાળી બિન પરમાણુ બોમ્બ છે. જો તમે ફાધર ઓફ ઓલ બોમ્બ વિશે ન જાણતા હોવ તો તમને જણાવી દઈએ કે તે બધા બોમ્બથી ચડી જઈને ખુબ જ ખતરનાક છે. આમ તો વેક્યૂમ બોમ્બને અધિકૃત રીતે **Thermobaric weapons** પણ કહે છે. રશિયા પાસે જે બોમ્બ છે તે થર્મોબેરિક બોમ્બ છે. તે અનેક નામથી ઓળખાય છે. જેમ કે એરોસોલ બોમ્બ, વેક્યૂમ બોમ્બ કે ઈંધણ-હવા વિસ્ફોટક, આ એક સુપર શક્તિશાળી બિન પરમાણુ બોમ્બ છે જેમાં ૪૪ ટનથી વધુ ટીએનટી બરાબર વિસ્ફોટ થાય છે. ફાધર ઓફ ઓલ બોમ્બ ૩૦૦ મીટરના દાયરામાં નુકસાન પહોંચાડી શકે છે. આ વિનાશકારી હથિયાર એક જેટથી પાડવામાં આવે છે અને તેનાથી હવાની મધ્યમાં વિસ્ફોટ થાય છે. તે હવાથી ઓક્સીજનને બહાર ખેંચે છે અને એક નાના પરમાણુ હથિયાર સમાન અસર પેદા કરે છે.

વેક્યૂમ બોમ્બ રશિયા દ્વારા વિક્સિત એક નવી સંકલ્પના પર આધારિત વિસ્ફોટક હથિયાર છે. આ શક્તિશાળી બોમ્બ પરમાણુ હથિયારોથી વિપરિત પર્યાવરણ માટે કોઈ જોખમ પેદા કરતા નથી. આ બોમ્બ વાતાવરણમાં રહેલી હવાનો જ વિસ્ફોટક ઈંધણ તરીકે ઉપયોગ કરી શકે છે. આ વિમાનથી પાડવાની સાથે જમીનથી પણ છોડી શકાય છે. એક નિર્ધારિત ઊંચાઈ સુધી લઈ ગયા બાદ આ બોમ્બના ઈંધણને વાદળો પર ઓક્સિજન સાથે ભેળવી ફેલાવી દેવાય છે. ત્યારબાદ આ વાદળોમાં વિસ્ફોટ કરાવતા જ તેના સંપર્કમાં આવનારી ચીજો કે ઈમારતો નષ્ટ થઈ જાય છે. હવામાં વિસ્ફોટ કરતા આ વેક્યૂમ બોમ્બની શક્તિ પરમાણુ હથિયારો બરાબર ગણાવવામાં આવે છે. તેમાં નેનોટેક્નોલોજીનો ઉપયોગ થયો છે. તેના ધડાકાથી રેડિએશનનું જોખમ હોતુ નથી.

આ બાજુ રશિયાના યુક્રેન પર હુમલા દરમિયાન અનેક ઊંચી ઈમારતો પર પેન્ટિંગ બની ગઈ છે. આ લાલ અને નારંગી રંગની ક્રોસ સાઈનમાં છે. આ અજીબ પેન્ટિંગ કિવ ઉપરાંત ખારકિવ અને અન્ય શહેરોમાં પણ જોવા મળી છે.યુક્રેન પર આક્રમણ કર્યા બાદથી સતત આર્થિક અને રાજદ્વારી પ્રતિબંધોનો સામનો કરી રહેલા રશિયાએ ૩૬ દેશો માટે તેની એરસ્પેસ બંધ કરી દીધી છે. રશિયાએ જે દેશો પર આ પ્રતિબંધ લગાવ્યો છે તેમાં મોટાભાગે યુરોપિયન દેશોનો સમાવેશ થાય છે. તમને જણાવી દઈએ કે આ પહેલા યુરોપિયન દેશોએ રશિયા માટે પોતાની એરસ્પેસ બંધ કરી દીધી હતી. બદલામાં રશિયાએ પણ હવે તે દેશો માટે તેની એરસ્પેસ બંધ કરી દીધી છે. રશિયાએ જે દેશો માટે આ પ્રતિબંધ લગાવ્યો છે તેમાં જર્મની, ફ્રાન્સ, ઈટાલી, કેનેડા, સ્પેન, ઓસ્ટ્રેલિયા, બેલ્જિયમ, બ્રિટિશ વર્જિન આઈલેન્ડ, બલ્ગેરિયા, ચેક રિપબ્લિક, ડેનમાર્ક, ફિનલેન્ડ, ગ્રીસ, હંગેરી, જર્સી, લાતવિયા, માલ્ટા, નેધરલેન્ડ, નોર્વે, પોલેન્ડ, પોર્ટુગલ, રોમાનિયા, સોલોવાકિયા, સ્વીડન અને બ્રિટનના નામ મુખ્ય છે.

તમને જણાવી દઈએ કે રશિયાના આ નિર્ણય પહેલા યુરોપિયન યુનિયને રશિયન એરલાઈન એરોફ્લોટ માટે પોતાની એરસ્પેસ બંધ કરી હતી, જેના કારણે રશિયાના વિદેશ મંત્રી લવરોવે જિનીવામાં સંયુક્ત રાષ્ટ્રની મુલાકાત રદ કરી હતી. યુરોપિયન યુનિયન સિવાય બ્રિટને પણ રશિયા માટે તેની એરસ્પેસ બંધ કરી દીધી હતી. તમને જણાવી દઈએ કે રશિયા-યુક્રેન યુદ્ધનો આજે પાંચમો દિવસ છે અને યુક્રેન પર રશિયાનો હુમલો ચાલુ છે.

આ સ્થિતિમાં રશિયાના રાષ્ટ્રપતિ પુતિને પોતાના પરમાણુ સંરક્ષણ કર્મચારીઓને એલર્ટ પર રાખ્યા છે, જેના કારણે માનવામાં આવી રહ્યું છે કે રશિયા કોઈપણ સમયે યુક્રેન પર પરમાણુ હુમલો કરી શકે છે. અમેરિકાએ બેલારુસમાં તેની એમ્બેસી બંધ કરી દીધી છે. આ સાથે જ તેના નાગરિકોને મોસ્કોથી નીકળી જવાની સલાહ આપવામાં આવી છે.

## કેદારનાથ ધામના કપાટ ૬ મેના રોજ ખુલશે



કેદારનાથ,

કેદારનાથ મંદિરના કપાટ ૬ મેના રોજ સવારે ૬.૨૫ કલાકે ખુલશે. બદ્રીનાથ મંદિર ૮ મેના રોજ ખુલશે. કેદારનાથ ધામને ૧૨ જ્યોતિર્લિંગોમાં વિશેષ માનવામાં આવે છે. કેદારનાથ ધામ અતિ પ્રાચીન છે. એવું માનવામાં આવે છે કે આ જ્યોતિર્લિંગ મહાભારતનું યુદ્ધ પૂરું થયા પછી પાંડવો દ્વારા બનાવવામાં આવ્યું હતું. કેદારનાથ ધામના પ્રવેશદ્નાર ખોલવાની તારીખ પંચાંગ ગણતરીથી મહાશિવરાત્રીના તહેવાર પર શિયાળુ બેઠક ઉખીમઠના ઓમકારેશ્વર મંદિરમાં રાવલ ભીમાશંકરની હાજરીમાં કરવામાં આવી હતી. મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે ઓમકારેશ્વર મંદિરમાં સવારે ૭ વાગ્યાથી વિશેષ પૂજાનો પ્રારંભ થયો હતો. ઉલ્લેખનીય છે કે બદ્રીનાથ ધામના કપાટ ૮ મે રવિવારના રોજ સવારે ૬.૧૫ કલાકે ખુલશે. બદ્રીનાથ ધામના પ્રવેશદ્વાર ખોલવાની તારીખ જાહેર થતાની સાથે જ ઉત્તરાખંડ ચારધામ યાત્રા ૨૦૨૨ની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. બદ્રીનાથ ધામના દરવાજા ખોલવા અને બંધ કરવાની એક ખાસ પ્રક્રિયા છે. ટિહરી જિલ્લાના નરેન્દ્રનગર સ્થિત રાજદરબારમાં વસંત પંચમીના દિવસે બદ્રીનાથ ધામના દરવાજા ખોલવાની તારીખ નક્કી કરવામાં આવી છે. પૂજા અને પંચાંગની ગણતરી પછી વિજયાદશમીના તહેવાર પર બદ્રીનાથ ધામના દરવાજા ખોલવાની તારીખ નક્કી કરવામાં આવે છે. ગયા વર્ષે ૨૦ નવેમ્બરે બદ્રીનાથ ધામના પ્રવેશદ્વાર કાયદેસર રીતે શિયાળા માટે બંધ કરવામાં આવ્યા હતા. દરવાજા બંધ થવાના અવસર પર બદ્રીનાથ ધામમાં રેકોર્ડ ૪૩૬૬ ભક્તો હાજર રહ્યા હતા.

## રાપરમાં અનુભવાયો ૩.૪ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

ભુજ,

કચ્છમાં આવેલા રાપર નજીક ભૂકંપનો આંચકો અનુભવાયો છે. રિક્ટર સ્કેલ પર આંચકાની તીવ્રતા ૩.૪ નોંધાઇ છે. મળી રહેલી માહિતી અનુસાર, સવારે ૭:૫૦ વાગ્યે ભૂકંપનો આંચકો નોંધાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ રાપરથી ૧૯ કિ.મી. દૂર નોંધાયુ છે. આ તીવ્રતા સામાન્ય હોવાથી કોઈ નુકશાન થયુ ન હતુ. ભૂકંપની કારણે લોકો ઘરની બહાર આવી ગયા હતા.

આ પહેલા બુધવારે ગુજરાતના કચ્છ જિલ્લામાં ૩.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મિક રિસર્ચ અનુસાર, ભચાઉ નજીક બપોરે ૧૨:૦૫ વાગ્યે આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર ભચાઉથી ૧૨ કિમી ઉત્તર-ઉત્તરપશ્ચિમમાં ૧૨ કિમીની ઊંડાઈએ હતું.

જિલ્લા વહીવટીતંત્રના એક અધિકારીએ જણાવ્યું કે ભૂકંપના કારણે કોઈ જાનહાની કે સંપત્તિના નુકસાનના અહેવાલ નથી. કચ્છ અત્યંત જોખમી ધરતીકંપના ક્ષેત્રમાં આવેલું છે અને ત્યાં નિયમિત રીતે ઓછી તીવ્રતાના ભૂકંપના આંચકા આવે છે. આ જિલ્લામાં જાન્યુઆરી ૨૦૦૧માં ૬.૯ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના કારણે જીવન અને સંપત્તિને ઘણું નુકસાન થયું હતું.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એન. કે. ચાવડા

મુ. ઈટવાડી, તા. હાલોલ, જી. પંચમહાલ

## મુંબઈ એરપોર્ટ પરથી ૫૬ કરોડના હેરોઈન સાથે આફ્રિકન મહિલાની ધરપકડ


મુંબઈ,

મુંબઈ એરપોર્ટ પરથી સોમવારે એક આફ્રિકન મહિલાની ૫૬ કરોડની કિંમતના ૮ કિલો હેરોઈન સાથે ધરપકડ કરવામાં આવી હતી. મહિલા પાસે સફેદ પાવડર મળી આવ્યો હતો, તપાસમાં તે હેરોઈન હોવાનું બહાર આવ્યું હતું. નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ, ૧૯૮૫ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે અને વધુ તપાસ ચાલુ છે.

## રાજસ્થાન અને છત્તીસગઢની વચ્ચે તાકિદે કોલસા વિવાદ સમાપ્ત થાય તેવી સંભાવના

નવીદિલ્હી,

રાજસ્થાન અને છત્તીસગઢની વચ્ચે કોલસા વિવાદ તાકિદે સમાપ્ત થઈ શકે છે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી તરફથી રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોત અને છત્તીસગઢના મુખ્યમંત્રી ભુપેશ બધેલની સાથે બેઠક બાદ બંન્ને રાજય સરકારો વચ્ચે કોલસા બ્લોક ફાળવણીને લઈ ચાલી રહેલ વિવાદ સમાપ્ત થઈ શકે છે.



સુત્રોના જણાવ્યા અનુસાર રાહુલ ગાંધીએ અહીં પોતાના નિવાસ પર બંન્ને મુખ્યમંત્રીઓની સાથે બેઠક કરી અનો મુદ્દાના સદ્ભાવપૂર્ણ ઉકેલને લઈ વાતચીત કરી.રાજસ્થાનના કોલસા પુરવઠા માટે છત્તીસગઢમાં પરસા કોલસા ખાણની ફાળવણી ઈચ્છે છે. જો કે છત્તીસગઢના વિસ્તારનાના આદિવાસીઓના સંદર્ભમાં કેટલીક ચિંતાઓ જાહેર કરી છે.સુત્રોએ કહ્યું હતું કે રાહુલ ગાંધી અને કોંગ્રેસ મહામંત્રી પ્રિયંકા ગાંધી છત્તીસગઢની ચિંતાઓથી માહિતગાર છે અને પાર્ટી નેતૃત્વ આગામી કેટલાક દિવસની અંદર આ મુદ્દાના સમાધાન કાઢવા માટે કામ કરી રહ્યું છે.

ગહલોત પહેલા જ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને પત્ર લખી વિનંતી કરી ચુકી છે કે કોલસા ખાણની મંજુરીની પ્રક્રિયાને તેજ કરવા માટે દખલ આપે ગહલોતે કહ્યું હતું કે છત્તીસગઢથી કોલસા નહીં મળવાની સ્થિતિમાં રાજસ્થાનને ગંભીર વિજળી સંકટનો સામનો કરવો પડી શકે છે અને તેને કારણે આગામી ચુંટણીમાં પાર્ટીનું પ્રદર્શન પ્રભાવિત થઈ શકે છે.

સુત્રોનું કહેવુ છે કે આ બેઠકમાં રાહુલ ગાંધીએ રાજસ્થાન તરફથી છત્તીસગઢમાં પણ જુની પેશન યોજનાની બાબતમાં પણ ચર્ચા કરી.રાજસ્થાન સરકારે તાજેતરમાં જુની પેંશન યોજનાને લાગુ કરવાની જાહેરાત કરી હતી સુત્રોએ એ પણ કહ્યું કે રાહુલ ગાંધીએ રાજયસભાની આગામી ચુંટણીમાં કોંગ્રેસના સંભવિત ઉમેદવારોની બાબતમાં ચર્ચા કરી તથા બધેલે સ્થાનિક નેતાઓને ઉચ્ચ ગૃહો મોકલવા પર ભાર આપ્યો.છત્તીસગઢથી રાજયસભાની બંન્ને બેઠકો માટે તાકિદે ચુંટણી થનાર છે.

રાહુલ ગાંધીએ અશોક ગહલોત અને ભુપેશ બધેલ સાથે બેઠક કરી

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર



**સંતરામપુર તાલુકાના હડાની સરસણ ગામ શિવરાત્રી નિમિત્તે મહાદેવજીના મંદિરના નિર્માણ માટે રાજ્યકક્ષાના મંત્રી તેનું ખાતમુરત કરવામાં આવેલું હતું વર્ષો પછી પ્રથમવાર હડાની સરસણ ગામે મહાદેવજીનું મંદિરનું નિર્માણ કરવામાં આવશે સ્થાનિક ગ્રામજનો માં ભાવિ ભક્તો માં ખુશીની લહેર જોવાઈ રહી હતી.**



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

**સંતરામપુર તાલુકાના ખેડાપાગામ મુક્તેશ્વર મહાદેવ મંદિરમાં વર્ષો જુના મંદિર પુજારી દ્વારા રાજ્યકક્ષાના મંત્રી કુબેરભાઈ ડીડોર શિવરાત્રી નિમિત્તે દર્શન કર્યા હતા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.**

# સંતરામપુર નરસિંગપુર મુખ્ય પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી

સંતરામપુર,

મહિસાગર જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત સંતરામપુર તાલુકાની પાદરી ફળીયા પગાર કેન્દ્રની મને ગમતી શાળા નરસિંગપુર મુખ્ય પ્રાથમિક શાળામાં ૨૮મી ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ની ઉજવણી કરવામાં આવી.




આજના દિવસે શાળામાં જાદુ નહીં હાથ ચાલાકી અને અંધશ્રદ્ધા નહીં વિજ્ઞાન આ બંને વિષયો ઉપર નિવૃત આચાર્ય જયંતભાઈ કે પરમાર અને શાળાના મદદનીશ શિક્ષક સુરેશચંદ્ર એલ ભાવસાર દ્વારા ૫૦ કરતાં વધુ હાથ ચાલાકી અને અંધશ્રદ્ધાના પ્રયોગો કરી બતાવેલ. દિવસે આ સમગ્ર કાર્યક્રમનો લાભ શાળાના બાળકો, શાળા પરિવાર, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુર સંસ્થાના ડી.એલ.એડ.ના બંને વર્ષના તાલીમાર્થીઓને બતાવવામાં આવ્યા. આજના દિવસે રમતોત્સવ, એક મિનિટ ગેમ, ગણિત વિજ્ઞાનના પ્રયોગના સાધનોનો પરિચય અને એનો ઉપયોગ કેવી રીતે કરવો તથા એકાગ્રતાની રમતો અને સર સી.વી. રામને આજના દિવસે કરેલી શોધ એટલે કે રામન અસર એ વિષય ઉપર એક સુંદર પી.પી.ટી. દ્વારા ક્વિઝનું આયોજન શાળાના મદદનીશ શિક્ષક રમેશકુમાર ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. ક્વિઝ માટે ત્રણ ટીમો હોમીભાભા ટીમ, સી.વી. રામન ટીમ અને વિક્રમ સારાભાઈ ટીમ એમ ત્રણ ટીમો પૈકી સી. વી. રામન ટીમ વિજેતા બનેલ. આજના દિવસે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુરના લેક્ચરર શરદભાઈ પટેલ અને સુલતાન સિંહ રાઠોડ અને પાદરી ફળીયા ક્લસ્ટરના કો. ઓર્ડીનેટર ગુલાબસિંહ ડામોર ઉપસ્થિત રહી માર્ગદર્શન પૂરૂં પાડેલ. સમગ્ર કાર્યક્રમને નિહાળી અને સફળ બનાવ્યો. સમગ્ર દિવસ દરમિયાન બાળકોએ કરેલી પ્રવૃતિઓ ભાગ લીધેલ રમતો, અને ક્વિઝમાં શ્રેષ્ઠ દેખાવ કરેલ બાળકોને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવેલ. અને પાદરી ફળીયા ક્લસ્ટરની પાદેડી અડોર પ્રાથમિક શાળા સાથે વર્ચ્યુઅલ ટ્રિનિંગ કાર્યક્રમનું પણ આજ રોજ આયોજન કરી બંને શાળાની અભ્યાસિક અને સહ અભ્યાસિક પ્રવૃતિઓનું આદાન પ્રદાન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાના ઉત્સાહી આચાર્ય લક્ષ્મણભાઈ ખરાડી અને સમગ્ર શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવેલ.

# ભારતમાં લોકો સહન ન કરી શકે તેવી આત્યધિક ગરમી-ભેજ નોંધાશે

નવી દિલ્હી,

કાર્બન ઉત્સર્જનમાં કાપ નહીં મુકાવાના સંજોગોમાં નજીકના ભવિષ્યમાં ભારત સહિતના દેશોમાં લોકો અત્યધિક ગરમી અને ભેજ સહન નહીં કરી શકે અને અનેક રીતે પડકાર ઉભા થશે.જલવાયુ પરિવર્તનના ખતરા વિશે સંયુક્ત રાષ્ટ્રના ઈન્ટરગવર્નમેન્ટલ પેનલના નવા રીપોર્ટમાં એવી ચેતવણી આપવામાં આવી છે કે ગરમી તથા ભેજનો વધારો માનવીઓ માટે અસહ્ય હશે. ભારત સહિતના કેટલાક દેશોને હવામાનની આ ખતરનાક પરીસ્થિતિનો સામનો કરવો પડે તેમ છે.



આ રીપોર્ટમાં 'વેટ બલ્બ તાપમાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમાં તાપમાનની ગણતરી વખતે ગરમી અને ભેજને જોડવામાં આવે છે. માનવી માટે ૩૧ ડીગ્રી સેલ્સીયસનો વેટ બલ્બ અત્યંત ખતરનાક છે. ૩૫ ડીગ્રીમાં તે છાયડામાં આરામ કરતા તંદુરસ્ત માણસ માટે પણ છ કલાકથી વધુ સમય જીવિત રહેવાનું મુશ્કેલ થઈ જાય છે.

રીપોર્ટમાં એમ કહેવાયુ છે કે હાલ ભારતમાં ભાગ્યે જ વેટ ઓછા તાપમાન ૩૧ ડીગ્રીથી વધુ નોંધાય છે. હાલ તે ૨૫થી૩૦ ડીગ્રી રહે છે. કાર્બન ઉત્સર્જનમાં કાપ ન મુકાય તો ટુંકાગાળામાં ખતરનાક સ્તરે પહોંચી શકે છે એટલું જ નહીં, નિયત ટારગેટ મુજબ ઘટાડો થાય તો પણ ઉતરીય તથા કાંઠાળ ભાગમાં તે ૩૧ ડીગ્રી સુધી પહોંચી શકે છે.રીપોર્ટમાં એવી ગંભીર ચેતવણી આપવામાં આવી છે કે કાર્બન ઉત્સર્જનમાં વર્તમાન દરે વૃદ્ધિ જારી રહેવાના સંજોગોમાં ભારતના મોટાભાગના ક્ષેત્રોમાં વેટ બલ્બ તાપમાન ૩૫ ડીગ્રીના સ્તરે પહોંચી જશે.આઘાતજનક બાબત એ છે કે કાર્બન ઉત્સર્જનની વૃદ્ધિ જારી રહેવાના સંજોગોમાં સૌથી વધુ પ્રભાવિત પટણા અને લખનૌ જશે જયાં વેટ બલ્બ તાપમાન ૩૫ ડીગ્રીએ પહોંચી જશે. આ સિવાય ભુવનેશ્ર્વર, ચેન્નઈ, મુંબઈ, ઈન્દોર તથા અમદાવાદમાં વેટ બલ્બ તાપમાન ૩૨થી૩૪ ડીગ્રી થવાનું અનુમાન છે.

રીપોર્ટ પ્રમાણે આસામ, મેઘાલય, ત્રિપુરા, પશ્ર્ચીમ બંગાળ, બિહાર, ઝારખંડ, ઓડીસા, છતીસગઢ, ઉતરપ્રદેશ, હરિયાણા તથા પંજાબ સૌથી વધુ પ્રભાવિત થશે. ગરમી-ભેજની સાથોસાથ સમુદ્રની વધતી સપાટી પણ પડકારજનક હશે. કાર્બન ઉત્સર્જનમાં ટારગેટ મુજબ કાપ મુકાવાના સંજોગોમાં પણ દરિયાની સપાટીમાં ૪૪થી૭૬ સેન્ટીમીટરનો વધારો થવાનું અનુમાન છે. ઉત્સર્જનમાં મોટો કાપ આવે તો દરિયાઈ લેવલ ૨૮થી૫૫ સેમી વધશે. સમુદ્ર સ્તર વધવાના સંજોગોમાં વધુ વિસ્તારો ડુબવા લાગશે. નિયમિત રીતે વારંવાર પુર સ્થિતિ સર્જાશે અને આસપાસની જમીનમાં બેસી પણ નહીં થઈ શકે.

ભારતમાં સમુદ્રસ્તર વધવાના તથા પુરના બનાવો વધુ હશે. સમગ્ર દુનિયામાં સૌથી વધુ આર્થિક માર ભારતને લાગશે. ટારગેટ મુજબ ઉત્સર્જન ઘટવાના સંજોગોમાં પણ ૨૪ અબજ ડોલરનો આર્થિક માર પડશે. ઉત્સર્જન વધુ રહે તો ૩૬ અબજ ડોલરનું નુકશાન થશે. માત્ર મુંબઈમાં સમુદ્રસ્તર વધવાથી ૨૦૫૦ સુધીમાં પ્રતિવર્ષ ૧૬૨ અબજ ડોલરનું નુકશાન થશે.આબોહવા પરિવર્તનના આ દોરથી કૃષિ ઉત્પાદનમાં કાપ આવશે. ૨૦૫૦ સુધીમાં ૪૦ ટકા લોકોને પીવાના પાણીનો સામનો કરવો પડશે. જે સંખ્યા હાલ ૩૩ ટકા છે. કેટલાંક ભાગોમાં ચોખાના ઉત્પાદનમાં ૩૦ ટકા તથા મકાઈના ઉત્પાદનમાં ૭૦ ટકાનો કાપ આવી શકે છે.

# રાજ્યનાં ૨૫ મામલતદારોની સાગમટે બદલી

ગાંધીનગર,

રાજ્યનાં ૨૫ મામલતદારોની સાગમટે બદલી કરવામાં આવી છે. રાજ્યનાં ડેપ્યુટી સેક્રેટરી અમિત ઉપાધ્યાય દ્વારા મામલતદારોની આ બદલીના હુકમો કરવામાં આવ્યા છે. જેમાં રાજકોટ જિલ્લાનાં પડધરી મામલતદાર તરીકે ફરજ બજાવતાં બી.એન. વીરોજાને અમદાવાદ સ્પીપામાં મામલતદાર તરીકે મુકવામાં આવ્યા છે. જ્યારે પેટલાદના મામલતદાર એમ.વી. રાઠોડને રાજકોટ શહેરની દક્ષિણ મામલતદાર કચેરીમાં મામલતદાર તરીકે મુકવામાં આવ્યા છે.

આ ઉપરાંત અમરેલીના ખાંભાના મામલતદાર આર.બી. બારીયાની પબ્લીક રિલેશન ઓફીસર તરીકે આણંદ કલેક્ટર કચેરીમાં મુકવામાં આવ્યા છે. લીલિયાના મામલતદાર બી.એમ. પટેલને વડોદરા સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સીમાં મામલતદાર તરીકે નિયુક્ત કરાયી છે. અમરેલી કલેક્ટર કચેરીમાં ચિટનીશ તરીકે ફરજ બજાવતા ડી.કે. જગડને જામનગર કલેક્ટર કચેરીમાં મામલતદાર તરીકે મુકવામાં આવ્યા છે.

જ્યારે આણંદનાં મામલતદાર કે.એમ. રાઠોડને અમરેલી કલેક્ટર કચેરીમાં, ભરુચના હણસોટના મામલતદાર એફ.બી. વસાવાને ધરમપુર-વલસાડ, ભરુચના મામલતદાર આર.સી. ચૌહાણને નડીયાદ મામલતદાર તરીકે તેમજ દેવભૂમિ દ્વારકાનાં કલેક્ટર ઓફીસમાં મામલતદાર તરીકે ફરજ બજાવતા એમ.બી. દેસાઈની વડોદરા સીટી ઈસ્ટ કચેરીનાં મામલતદાર તરીકે બદલી કરવામાં આવી છે.

તેની સાથે કોડીનારના મામલતદાર કે.જે. મારુને માણાવદર મુકવામાં આવ્યા છે. વિસાવદરનાં મામલતદાર વી.કે. મોઢવાડીયાને પાટડીના મામલતદાર બનાવાયા છે. જ્યારે મેંદરડાનાં મામલતદાર નેહા સોજીત્રાની સુરેન્દ્રનગર કલેક્ટર કચેરીમાં મામલતદાર તરીકે બદલી કરાયી છે તેની સાથોસાથ નડીયાદ મામલતદાર એસ.જી. ઝાલાને સાબરકાંઠા કલેક્ટર કચેરીમાં ડીઝાસ્ટર વિભાગનાં મામલતદાર તરીકે મુકવામાં આવ્યા છે. તેમજ લખપત કચ્છના મામલતદાર જે.એન. દરબારની ચાણસ્મા મામલતદાર તરીકે બદલી કરવામાં આવી છે.

ભુજના મામલતદાર પી.સી. પરમારની બોટાદ, ડેડીયાપાડાના મામલતદાર આર.આર. ચૌધરીની પારડી મામલતદાર તરીકે, ચાણસ્માના મામલતદાર એન.પી. પાલની સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં પબ્લીક રિલેશન ઓફીસર તરીકે બદલી કરવામાં આવી છે. આ ઉપરાંત પોરબંદરના મામલતદાર બી.એચ. કુબાવતને ગીર સોમનાથની કલેક્ટર કચેરીમાં મામલતદાર તરીકે મુકવામાં આવ્યા છે. તેની સાથે સાબરકાંઠાના મામલતદાર કે.એમ. રાજપુતને કલેક્ટોરેટ ભરુચમાં પબ્લીક રિલેશન ઓફીસર તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.

સુરેન્દ્રનગરના મામલતદાર એચ.વી. પટેલને વિજાપુર, વડોદરા સિટીનાં મામલતદાર જે.એન. પરમારની જલાલપુર (નવસારી), પાટડીના મામલતદાર કે.એસ. પટેલની વિસાવદર, ધરમપુરના મામલતદાર કુ. મઢવી મિસ્ત્રીની વલસાડ કલેક્ટર કચેરીમાં એડીશ્નલ ચીટનીશ તરીકે બદલી કરવામાં આવી છે. તેમજ માણાવદરનાં મામલતદાર એન.એચ. રામને ખાંભા મામલતદાર તરીકે અને વિજાપુરનાં મામલતદાર હેમાંગીની ગુર્જરને સાબરકાંઠા કલેક્ટર કચેરીમાં એડીશ્નલ ચીટનીશ તરીકે મુકવામાં આવ્યા છે.

## આજથી શરૂ થઈ રહેલું વિધાનસભાનું સત્ર રાજયપાલના સંબોધનથી શરૂ થશે

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા આવતીકાલ ૨ માર્ચથી બજેટ સત્ર મળી રહ્યું છે, આ સત્રમાં સૌથી મહત્વની બાબત એ છે કે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનું પ્રથમ બજેટ, નાણામંત્રી કનુભાઈ દેસાઈનું પણ પ્રથમ બજેટ, સાથે સાથે વિપક્ષના નેતા તરીકે સુખરામ રાઠવાનું પણ પહેલું બજેટ છે, તે જોતા વિધાનસભાનું આ સત્ર અનોખું બની શકે છે.આવતીકાલે ૨ માર્ચથી શરૂ થઈ રહેલું વિધાનસભાનું સત્ર રાજયપાલના સંબોધન સાથે શરૂ થશે, જ્યારે રાજયનું બજેટ ૩ માર્ચે રજૂ કરવામાં આવશે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં મુખ્યમંત્રી વિજય પાણીના રાજીનામા બાદ નિયુકત કરાયેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાણામંત્રી કનુભાઈ દેસાઈનું આ પ્રથમ બજેટ હશે અને નેતા સુખરામ રાઠવાનું પણ પ્રથમ બજેટ સત્ર રહેશે. વર્તમાન સરકાર તેના પ્રથમ બજેટમાં શિક્ષણ, આરોગ્ય, સામાજિક ન્યાય, સશકિતકરણ અને કૃષિની ગ્રાન્ટમાં વધારો કરી શકે છે. ગુજરાતમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈ ૩ માર્ચે પ્રથમ બજેટ રજૂ કરશે. વર્તમાન સત્રમાં ૮ શનિવાર—રવિવારની રજાઓ સિવાય, સત્ર ૧૮ માર્ચે હોળીની રજા સહિત ૯ દિવસને બાદ કરતાં બાકીના ૨૨ દિવસો માટે મળશે. આવતી કાલે રાજયપાલના અભિભાષણ સાથે સત્ર શરૂ થયા બાદ મૃત્યુ પામેલા લતા મંગેશકર સહિતના ધારાસભ્યોને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. સત્રના બીજા દિવસે એટલે કે ૩ માર્ચે નાણામંત્રી વિધાનસભામાં ૨૦૨૨-૨૩નું બજેટ રજૂ કરશે. ૨૨ દિવસ સુધી ચાલનારા આ સત્રમાં શિક્ષણ, આરોગ્ય, સામાજિક ન્યાય અધિકારીતા, કૃષિ વિભાગની ગ્રાન્ટમાં વધારો કરવામાં આવશે. વિધાનસભામાં બજેટ પર ૪ દિવસ ચર્ચા થશે. તે પછી રાજયપાલના અભિભાષણ પર ત્રણ દિવસની ચર્ચાની સાથે સાથે વિવિધ વિભાગોની પૂરક માંગણીઓ પર બે દિવસીય ચર્ચા થશે. વિધાનસભા ગૃહમાં ઓર્ગેનિક કૃષિ યુનિવર્સિટી સુધારા વિધેયક અને ગુજરાત જમીન પચાવી પાડનાર પ્રતિબંધક સુધારા વિધેયક રજૂ કરવામાં આવશે. વિપક્ષના નેતા તરીકે સુખરામ રાઠવાનું પણ આ પ્રથમ સત્ર હશે. આ સત્ર દરમિયાન વિપક્ષ કોંગ્રેસ વિવિધ મુદ્દાઓ પર સરકારને ઘેરવાનો પ્રયાસ કરશે. જેના કારણે આ સત્રમાં હોબાળો થવાની સંભાવના છે. બજેટની માંગણીઓ પર ચર્ચા કરવા માટે ૧૨ દિવસ સુધી ચર્ચા ચાલશે. સરકારી બિલો પર ૪ દિવસ સુધી ચર્ચા થશે દરમિયાન, રાજય સરકાર વિવિધ કાયદાઓમાં જરૂરિયાત મુજબ સંશોધન બિલ પસાર કરશે. ૩૧મી માર્ચે અંતિમ દિવસના પ્રસ્તાવ સાથે સત્ર સમાપ્ત થશે.

## અમદાવાદ : એલિસબ્રિજ પોલીસ સ્ટેશનના ૨ પોલીસકર્મી લાંચ લેતા ઝડપાયા

અમદાવાદ,

એન્ટીકરપ્શન બ્યુરોની ટીમે અમદાવાદના એલિસબ્રીજ પોલીસ સ્ટેશનમાં છાપો મારી બે પોલીસ કર્મીઓને લાખો રૂપિયાની લાંચ માંગણીના કેસમાં ઝડપાયા છે. પકડાયેલા બંને પોલીસકર્મીઓ ફરિયાદી સામે છેતરપીંડીનો કેસ નહિ કરી વહીવટ કરવા માટે રૂપિયા ૨.૭૫ લાખની માંગણી કરી હતી. અમદાવાદમાં કેટલાક લાંચિયા બાબુ હવે લાંચ લેતા સહેજ પણ ગભરાતા નથી અને કોઈપણ કામ જાણે લાંચ લીધા વગર ન કરતા હોય તેઓ ઘાટ ઘડાયો છે. અમદાવાદના એન્ટીકરપ્શન બ્યુરોની ટીમે આવી જ એક ફરિયાદ એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં બે પોલીસકર્મીઓ વિરુદ્ધ મળી હતી. જેને પગલે એક છટકું ગોઠવી રૂપિયા ૨.૭૫ લાખની લાંચ લેવાના કેસમાં બંનેની અટકાયત કરી. પકડાયેલા બંને પોલીસકર્મીઓમાં એક આરોપી પોલીસકર્મી બાદલ ચૌધરી પોલીસ કોન્સ્ટેબલ છે. જ્યારે બીજો વિનોદ વાઢેર હેડ કોન્સ્ટેબલ તરીકે એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર ACBને ફરિયાદી તરફથી ફરિયાદ મળી હતી કે નિશ્ચેય નામની કંપની કે જે 'કેપચા'ની કામગીરી કરે છે જે કંપની એલીસબ્રીજ, અમદાવાદ ખાતે આવેલી છે. જે કંપનીએ ફ્રોડમાં ફરીયાદીની સીધી સંડોવણી અને જવાબદારી હોવાનું કહી આ કામના ફરીયાદી વિરૂધ્ધ ગુનો દાખલ કરવાની અને તેમને એરેસ્ટ કરવાની વાત કરી કેસમાંથી બહાર નિકળવા વહીવટ કરવાના બહાને લાંચની માગણી કરી હતી. એટલું જ નહીં આરોપી બાદલ ચૌધરી અને વિરુદ્ધ ભારે ફરિયાદી પાસે શરૂઆતમાં તો રૂપિયા ૭ લાખની માંગણી કરી હતી, બાદમાં રકજકના અંતે રૂપિયા ૨.૭૫ લાખ આપવાનું નક્કી થયેલું. પરંતુ ફરિયાદી લાંચની રકમ આપવા માંગતા ન હોય અને એસીબીનો સંપર્ક કરતા લાંચના છટકાનું આયોજન કરતા પોલીસકર્મીને લાંચ લેતા રંગેહાથે ઝડપી પાડ્યા હતા.

## LPG સિલિન્ડરના ભાવમાં ધરખમ વધારો કરવામાં આવ્યો



નવીદિલ્હી,

એલપીજી ગેસના ભાવમાં ધરખમ વધારો કરવામાં આવ્યો છે. સરકારી તેલ કંપનીઓએ ૧ માર્ચથી ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડર રિફિલિંગના ભાવમાં ૧૦૫ રૂપિયા સુધીનો વધારો કર્યો છે. કોમર્શિયલ એલપીજી દિલ્હીમાં રૂ. ૧૦૫ અને કોલકાતામાં રૂ. ૧૦૮ મોંઘુ થયું છે. એટલું જ નહીં, ૫ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં પણ ૨૭ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. જોકે, ઘરેલુ એલપીજી સિલિન્ડરના દરમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. નવા દરો આજથી લાગુ થઈ ગયા છે. આ વધારા બાદ દિલ્હીમાં કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડરની નવી કિંમત ૨,૦૧૨ રૂપિયા થઈ ગઈ છે. આ સાથે પાંચ કિલોના સિલિન્ડર છોટુમાં પણ ૨૭ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. દિલ્હીમાં તેની કિંમત હવે ૫૬૯ રૂપિયા થઈ ગઈ છે. દેશમાં મોંઘવારી દિનપ્રતિદિન વધી રહી છે, ઉલ્લેખનીય છે કે હાલ કોમર્શિયલ ગેસના ભાવમાં ધરખમ વધારો થયો છે, હાલ યુક્રેન અને રશિયાનું યુદ્ધ ચાલી રહ્યું તે જોતા એક વાત સ્પષ્ટ થાય છે કે આવનાર દિવસોમાં ગેસ સહિત વસ્તુઓના ભાવમાં ધરખમ વધારો જોવા મળશે.

## મોદી સહિત કેન્દ્રીય પ્રધાનો અને ભાજપના દિગ્ગજ નેતાઓએ મહાશિવરાત્રીની શુભેચ્છા પાઠવી

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહાશિવરાત્રીના અવસર પર સૌને શુભેચ્છા પાઠવી છે. ગૃહ પ્રધાન અમિત શાહ અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ સહિત મોદી સરકારના ઘણા કેન્દ્રીય પ્રધાનો અને ભાજપના દિગ્ગજ નેતાઓએ પણ દરેકને મહાશિવરાત્રીની શુભેચ્છા પાઠવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને મહાશિવરાત્રિની શુભેચ્છા પાઠવતા કહ્યું કે, 'મહાશિવરાત્રીના શુભ અવસર પર આપ સૌને શુભકામનાઓ. દેવોના દેવ મહાદેવ સૌનું ભલું કરે. ઓમ નમઃ શિવાય.' દેશની સમૃદ્ધિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરતા, ગૃહ પ્રધાન અમિત શાહે ટ્વિટ કર્યું કે, "તમામ દેશવાસીઓને મહાશિવરાત્રીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. હું દેવાધિદેવ મહાદેવને સૌના કલ્યાણ અને દેશના સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના કરું છું. ઓમ નમઃ શિવાય!.'આ પણ વાંચોઃ આ ૩ રાત છે ઘણી ખાસ, પહેલી છે મહાશિવરાત્રી, જાણો અન્ય બે વિશેસંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે મહાશિવરાત્રી શુભકામનાઓ પાઠવી સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ટ્વીટ કરીને મહાશિવરાત્રીના અવસર પર સૌને શુભકામનાઓ પાઠવી અને કહ્યું, 'મહાશિવરાત્રીના શુભ અવસર પર આપ સૌને ખૂબ ખૂબ શુભેચ્છાઓ. મહાદેવ તમારા જીવનમાં નવી ઉર્જા અને ચેતનાનો સંચાર કરે, આ શુભકામના છે. સર્વત્ર શિવ!.'

# ગુજરાતના પાડોશી રાજ્યમાંથી રૂપિયા લઈ ડિગ્રી આપતી કોલેજોનો પર્દાફાશ

અમદાવાદ,

રૂપિયા લઈ ઘરે બેઠા ડિગ્રી આપતી કોલેજોનો પર્દાફાશ થયો છે. સીઆઈડી ક્રાઈમની તપાસમાં ગુજરાત બહારની ચાર કોલેજના નામ સામે આવ્યા છે. જેના પગલે ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ આ ચારેય કોલેજને બ્લેકલીસ્ટ કરી દીધી છે. ગુજરાતના કેટલાક લોકોએ આ પ્રકારની ઘરે બેઠા ડિગ્રી લીધી હોવાનું સામે આવતા આવા લોકો સામે પણ સીઆઈડી ક્રાઈમ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. તો ગુજરાતમાં પણ આવું કોઈ રેકેટ કોઈ કોલેજ ચલાવે છે કે કેમ, તે દિશામાં ફાર્મસી કાઉન્સિલ તપાસ કરી રહી છે.

ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા ચાર કોલેજને બ્લેક લિસ્ટ કરાઈ છે. બ્લેક લિસ્ટ કરેલી ચાર કોલેજની ડિગ્રી હશે તો હવે ફાર્મસીનુ લાઈસન્સ નહી મળે. બ્લેક લિસ્ટ કરવામાં આવેલી તમામ કોલેજ રાજેસ્થાન અને પંજાબની છે. ગુજરાતના કેટલાક મોટી ઉંમરના લોકો રાજસ્થાન અને પંજાબની કોલેજો પાસેથી પૈસાના જોરે ડિગ્રી લઈ આવ્યા હતાં. જેને લઈને ગુજરાત ફાર્મસી કાઉન્સિલ દ્વારા ક્રોસ વેરીફીકેશન થતા ઘરે બેઠા ડિગ્રી લીધી હોવાનું સામે આવ્યું હતું.

ગુજરાત ફાર્મસી કાઉન્સિલના પ્રમુખ મોન્ટુ પટેલએ જણાવ્યું કે, ઉદયપુરની પેસિફિક ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસી, સનરાઈઝ કોલેજ ઓફ ફાર્મસી રાજસ્થાન, પેસિફિક કોલેજ ઓફ ફાર્મસી, ઉદયપુર, નુરી કોલેજ ઓફ ફાર્મસી સામે ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ કાર્યવાહી કરી છે. આ ચાર કોલેજ સામે ગુજરાત ફાર્મસી કાઉન્સિલ દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી.

ગુજરાત ફાર્મસી કાઉન્સિલને બોગ્સ ડિગ્રી આપતા હોવાની જાણ થઈ હતી.જે આધારે ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને આ ચાર કોલેજ વિરૂદ્ધ સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૮થી ત્રણ વર્ષ સુધી ચાલેલા કેસમાં ગુજરાત ફાર્મસી કાઉન્સિલને સફળતા મળી છે. મહત્વનું છે કે, હાલ તો સીઆઈડી ક્રાઈમની આ તપાસમાં કોલેજો નામ તો સામે આવ્યા છે સાથે સાથે ગુજરાતમાંથી ઘરેબેઠા ફાર્મસીની ડિગ્રી લેનાર લોકો સામે પણ તપાસ કરવામાં આવી રહી છે.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : નોકરીમાં પ્રમોશનના યોગ જણાય છે, શેર સટ્ટાથી દૂર રહેવું-નુકસાન કરાવશે, ખર્ચાઓ ઉપર નિયંત્રણ રાખવું, કૌટુંબિક પ્રશ્નોમાં સારું સમાધાન મળશે.

વૃષભ (બ.વ.ઉ.) : દામ્પત્ય જીવનમાં અણબનાવો દૂર થશે, મકાન વાહન ખરીદવાનો અવસર મળશે, તબિયતની બાબતમાં કાળજી રાખવી, વિદ્યા માટે બહાર જવાનું આયોજન કરી શકો.

મિથુન (ક.છ.ઘ.) : નોકરીયાત વર્ગને જવાબદારીમાં વધારો થશે, માનસિક તનાવમાંથી મુક્ત થવા પ્રયાસ કરવો, યાત્રા-પ્રવાસથી લાભની સંભાવના, વિવાહ બાબતના પ્રશ્નોમાં સફળતા મળે.

કર્ક (ડ.હ.) : ભાગીદારીવાળા ધંધામાં લાભ થાય, પ્રેમ પ્રસંગોમાં સાનુકૂળતા જણાય, વાહન ધીમેથી ચલાવવું-કામ શાંતિથી કરવું, ધાર્મિક લોકો માટે વિદેશયોગની સંભાવના.

સિંહ (મ.ટ.) : પ્રશંસનીય કાર્ય થવાની સંભાવના છે, કૌટુંબિક સંબંધોમાં સુધારો જોવા મળે, ધંધામાં પ્રગતિના યોગ જણાય છે, વિશ્વાસઘાત અને છેતરામણીથી બચવું.

કન્યા (પ.ઠ.ણ.) : સંતાનોની ચિંતામાં સમાધાન મળશે, અજાણ્યા લોકો સાથે રોકાણમાં ધ્યાન રાખવું, ખેડૂતો માટે સારો સમય જણાય છે, બદલી બઢતી કે સ્થળાંતરના યોગ બને છે.

તુલા (ર.ત.) : આર્થિક બાબતે સંકડામણ અનુભવશો, ઉઘરાણી ઉપર પૂરતું ધ્યાન આપવું, સંતાનોના પ્રશ્નોમાં ચિંતા જણાશે, સરકારી તંત્ર વિરોધીઓથી સાવધાન રહેવું.

વૃશ્ચિક (ન.ય.) : કૌટુંબિક પ્રેમભાવમાં વૃદ્ધિ થશે, નવી ઓળખાણો દ્વારા લાભ થશે, નોકરીમાં પ્રમોશનની શક્યતા જણાય છે, ઓચિંતા મુશ્કેલી આવવાની સંભાવના છે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : આપના મનમાં ઉચાટ ઉદ્વેગ રહ્યા કરશે, માનસિક અશાંતિનો અનુભવ થશે, દામ્પત્ય જીવનમાં સાધારણ તણાવ જણાશે, નોકરીયાતને સમય અનુકૂળ જણાશે.

મકર (ખ.જ.) : રોકાયેલા અધુરા કાર્યો પૂરા થશે, આર્થિક સંકડામણ ઓછી થશે, વિરોધીઓ કાવાદાવામાં નિષ્ફળ જશે, રાજકીય ક્ષેત્રમાં સાચવીને ચાલવું.

કુંભ (ગ.સ.શ.ષ.) : સકારાત્મક વિચારોથી સારો લાભ થશે, વેપાર-ધંધામાં સારો લાભ જણાશે, મનની મૂંઝવણમાં સામાન્ય વધારો થશે, નાણાકીય રોકાણ કરવામાં સાવધાની રાખવી.

મીન (દ.ચ.ઝ.થ.) : આર્થિક સંકડામણ દૂર કરવાના રસ્તા મળશે, પ્રવાસ અને નવી મુલાકાતથી લાભ જણાશે, દામ્પત્ય જીવનમાં મતભેદ ઉભા થવાની સંભાવના, પ્રેમ પ્રસંગોમાં પ્રતિકૂળતા જણાય.

# દાહોદ શહેર સહિત જિલ્લાના શિવાલયો ખાતે વહેલી સવારથી જ શિવભક્તો ઉમટી પડ્યા

દાહોદ,

દેવાધિદેવ મહાદેવ એવા ભોલેનાથ શિવ શંકરનો મોટામાં મોટો તહેવાર એટલે મહાશિવરાત્રી. શિવરાત્રિના પાવન અવસરે દાહોદ શહેર સહિત જિલ્લાના શિવાલયો ખાતે વહેલી સવારથી જ શિવભક્તો ઉમટી પડ્યા હતા અને બમ બમ ભોલેના નાદથી સમગ્ર વાતાવરણ ગૂંજી ઊઠ્યું હતું. શિવજીની પૂજા-અર્ચના સહિત આરાધના કરી લોકોએ ધન્યતા અનુભવી હતી. ઘણી જગ્યાએ શિવરાત્રી નિમિત્તે નાનામોટા મેળાઓ પણ ભરાયા હતા.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

આજે શિવરાત્રિના પાવન અવસરે દાહોદ શહેર સહિત જિલ્લાના શિવાલયોમાં મોટી સંખ્યામાં શિવ ભક્તો દર્શન માટે ઉમટી પડ્યા હતા વહેલી સવારથી જ મંદિરો ખાતે લાંબી લાઈનો જોવા મળી હતી. લોકોએ ભગવાન શિવના શિવલિંગ ઉપર દૂધ અભિષેક, બીલીપત્ર ચડાવી સહિત પૂજા અર્ચના કરી હતી. શિવરાત્રિના પાવન અવસરે શિવભક્તોએ નકોડા ઉપવાસ પણ કર્યા હતા અને શિવજીની પૂજા અર્ચના કરી શિવજીને રીઝવવાનો પ્રયાસ કર્યો હતો. દાહોદ શહેરના તમામ શિવાલયો અને ભવ્ય રોશનીથી શણગારી દેવામાં આવ્યા હતા. શિવરાત્રીની રાત્રીએ પણ શિવ મંદિરો ખાતે મોટી સંખ્યામાં શિવ ભક્તો દર્શન માટે ઉમટી પડ્યા હતા. દાહોદ તાલુકાના ગામે આવેલ પૌરાણિક શિવ મંદિર ખાતે મેળાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. મેળામાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા તેવી જ રીતે દાહોદ તાલુકાના કાળી ડેમ ખાતે આવેલ શિવ મંદિર ખાતે પણ લોકો દર્શન માટે ઉમટી પડ્યા હતા. દાહોદમાં સિંધી સમાજ દ્વારા પણ શિવરાત્રિ ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ઘણી જગ્યાએ શિવરાત્રી નિમિત્તે પ્રસાદી તેમજ ભંડારાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.


દાહોદ શહેર નજીક કાળીડેમમાં ખાતે કેદારનાથ ધામએ શિવજીના મંદિરમાં શિવરાત્રી નિમિત્તે ભક્તજનો પૂજા અર્ચના કરવા મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા.


દાહોદ જિલ્લાના જેકોટ ગામ નજીક દેવ જરી મંદિર ખાતે શિવરાત્રી નિમિત્તે ભક્તજનો પૂજા અર્ચના કરવા મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા.

# ફતેપુરા તાલુકામાં મહાશિવરાત્રી પર્વની ઉજવણી

દાહોદ,

ભગવાન શિવના અવતરણ દિન તરીકે ઊજવાતાં મહાશિવરાત્રી પર્વની દાહોદ સહિત જિલ્લાભરમાં શિવમંદિરો અને ધર્મ સ્થાનોમાં ભક્તિભાવ પૂર્વક ઊજવણી કરાઈ હતી.

તમામ મહાદેવ, મંદિરે શિવરાત્રી નિમિત્તે વિશેષ પૂજા અને ભજન સત્સંગના કાર્યક્રમો યોજાયા હતા. ફતેપુરા તાલુકાના સુખરેસ્વર મહાદેવ ધામે ભક્તોની ભીડ જામી હતી. મહા શિવરાત્રીની વિશિષ્ટિ ઊજવણી કરાઈ હતી. સુખસરમાં રાત્રીના સમયે શોભાયાત્રા નીકળી હતી. જેમાં વિશાળ સંખ્યામાં ભાઇ-બહેનો જોડાયા હતા.


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

શિવરાત્રી પર્વના પાવન પ્રસંગે વહેલી સવારથી ભાવિક ભક્તોની ભારે ભીડ જામી હતી. ગુજરાત વિધાનસભાના દંડક રમેશભાઈ કટારા એ પરીવાર સાથે મહાદેવના દર્શન કર્યાં હતાંઅને શિવજી ને જળાભિષેક કર્યો હતો. સરપંચ નરેશભાઈ કટારા તેમજ સાગડાપાડા ના આગેવાન બાબુભાઈ આમળીયાર સહિત મોટી સંખ્યામાં ભક્તો દર્શન માટે જોડાયાં હતાં. શિવધામોમાં હર-હર મહાદેવના નાદ ગૂંજ્યા હતા.

## ગરબાડાના જેસાવાડા ગામે એક ઈસમે ૪ વર્ષીય બાળાને બોરની લાલચ આપી અડપલા કરતાં પોલીસ ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના જેસાવાડા ગામે એક ઈસમે એક ૪ વર્ષીય બાળાને બોર અપાવવાની લાલચ આપી લઈ જઈ બાળાને લાપટો ઝાપટો મારી શારિરીક અડપલા કરતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

ગરબાડા તાલુકાના જેસાવાડા નીચવાસ ગામે રહેતો અને મુળ મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં રહેતો શીવરાજભાઈ અમરસિંહ અજનારે ગત તા.૨ ફેબ્રુઆરીના રોજ ગરબાડા તાલુકામાં રહેતી એક ૦૪ વર્ષીય બાળાને પટાવી ફોસલાવી, બોર અપાવવાની લાલચ આપી પોતાની સાથે લઈ ગયો હતો અને બાળાને લાપટો ઝાપટો મારી, બાળા સાથે શારિરીક છેડછાડ કરતાં બાળા શીવરાભાઈના ચંગુલમાંથી છુટી પોતાના પરિવારજનો પાસે પહોંચી હતી અને જ્યાં આ ઘટનાની જાણ પરિવારજનોને કરતાં પરિવારજનોના પગ તળેથી જમીન સરકી ગઈ હતી અને આ સંબંધે ૦૪ વર્ષીય બાળાના પિતા દ્વારા શિવરાભાઈ અમરસિંહ અજનાર વિરૂધ્ધ જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


## દે.બારીઆમાં ફાઈનાન્સ કંપનીની ઓફિસનું તાળુ તોડી ચોરી કરતાં તસ્કરો

દાહોદ,

દાહોદ જિલ્લાના દે.બારીઆ નગરમાં આવેલ એક ફાઈનાન્સ કંપનીની ઓફિસનું તાળુ તોડી અંદરથી રોકડા રૂપીયા ૩૯,૪૮૧ ની ચોરી કરી અજાણ્યા ચોર ઈસમો નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

દેવગઢબારીઆ નગરમાં આવેલ સ્પોર્ટ કોમ્પ્લેક્ષની સામે અન્નુપુર્ણા ફાઈનાન્સની ઓફિસ આવેલ છે. આ ફાઈનાન્સ ઓફિસને અજાણ્યા તસ્કરોએ ગત તા.૨૬મી ફેબ્રુઆરીના રોજ રાત્રીના કોઈપણ સમયે નિશાન બનાવી ફાઈનાન્સ કંપનીની ઓફિસનું તાળુ તોડી તસ્કરોએ અંદર પ્રવેશ કર્યો હતો અને ઓફિસમાં મુકેલ ડ્રોવરમાંથી રોકડા રૂપીયા ૩૯,૪૮૧ની રોકડ રકમ અજાણ્યા તસ્કરો ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે સંજયકુમાર કાન્તીભાઈ પ્રજાપતિએ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના ત્રણ વિદ્યાર્થીઓ યુક્રેનમાં ફસાયેલા છે જેને લઈ જીલ્લા તંત્ર એક્શનમાં



દાહોદ,

દાહોદ જિલ્લામાંથી યુક્રેન અભ્યાસ માટે ગયેલા વિદ્યાર્થીઓ પૈકી ૦૩ વિદ્યાર્થી હાલ પણ યુક્રેનમાં ફસાયેલા છે જેને અનુસંધાન દાહોદ પ્રાંત અધિકારી, ડિવાયએસપી અને દાહોદ શહેર પોલીસ મથકના પી.આઈ.ની ટીમ આજે ૦૩ વિદ્યાર્થીઓના પરિવારજનોની મુલાકાતે પહોંચ્યાં હતાં અને તેઓના બાળકોને લાવવાની સરકાર દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે તેમ જણાવી તેઓને સાત્વના પાઠવી હતી. દાહોદ જિલ્લાના મુખ્ય મથક એવા દાહોદ શહેરમાંથી કુલ ૧૦ વિદ્યાર્થી યુક્રેન એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરવા માટે ગયાં હતાં. હાલ યુક્રેન અને રશીયા વચ્ચે છેલ્લા કિટલાંક દિવસોથી છેડાયેલ યુધ્ધને પગલે સૌ કોઈ ચિંતિત છે. યુક્રેનમાં પરિસ્થિતિ ખુબજ ખરાબ હોવાનું જાણવા મળી રહ્યું છે. લોકો અને ખાસ કરીને ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓ વતન આવવા માટે રવાના થઈ રહ્યાં છે અને રસ્તામાં ઘણા ઠેકાણે વિદ્યાર્થીઓ ફસાઈ પણ ગયાં છે. ખાસ કરીને દાહોદ શહેરના ૧૦ વિદ્યાર્થીઓ પણ યુક્રેનમાં અભ્યાસ કરવા ગયાં હતાં જે પૈકી ૦૩ વિદ્યાર્થીઓ હાલ પમ યુક્રેનમાં ફસાયાં હોવાનું જાણવા મળી રહ્યું છે ત્યારે આજરોજ દાહોદ પ્રાત અધિકારી, ડિવાયએસપી અને દાહોદ શહેર પોલીસ મથકના પી.આઈ. ની ટીમ દાહોદ શહેરમાં આવેલ ૦૩ વિદ્યાર્થીઓના પરિવારજનોની મુલાકાતે પહોંચ્યાં હતાં અને તેઓના બાળકો હાલ ક્યાં છે અને કંઈ પરિસ્થિતીમાં છે , કંઈ જગ્યાએ રોકાયેલ છે વિગેરે માહિતી પરિવારજનો પાસેથી મેળવી ફોર્મેટમાં ભરી મેળવી લીધેલ છે અને પરિવારજનોને સાત્વના પાઠવવામાં આવી છે. સરકાર દ્વારા આ માટે વિદ્યાર્થીઓને પરત લાવવાના પ્રયત્નો પણ કરવામાં આવી રહ્યાં છે તેમ જણાવ્યું હતું.

# દાહોદ જિલ્લાના નવા ૧૨ RBSK વાહનોને ફલેગ ઓફ કરીને પ્રારંભ કરાવતા રાજ્ય આરોગ્યમંત્રી નિમિષાબેન સુથાર

દાહોદ,

આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલએ દેવગઢબારીયાના સરકારી હોસ્પીટલ ખાતે નવા અદ્યતન ડાયાલિસિસ વિભાગનું આજે વડનગર ખાતેથી ઇ-લોકાર્પણ કર્યું છે. રાજ્ય આરોગ્યમંત્રી નિમિષાબેન સુથાર દેવગઢબારીયાથી વડનગર ખાતેના કાર્યક્રમમાં વર્ચ્યુઅલી જોડાયા હતા. તેમજ દાહોદ જિલ્લાના નવા ૧૨ આરબીએસકે વાહનોને ફલેગ ઓફ કરીને પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે આરોગ્ય રાજયમંત્રી સુથારે જણાવ્યું કે, રાજયના ગરીબમાં માણસને ઉત્તમ આરોગ્ય સુવિધા મળી રહે એ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.



તેમણે જણાવ્યું કે, ડાયાલીસીસ સિંગલ યુઝ એન્ડ બ્લડ ફ્યુઝનને ફરજિયાત કરનારૂં ગુજરાત દેશનુ પ્રથમ રાજ્ય છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન આરોગ્ય સુખાકારી માટેના સંકલ્પ સાથે વન ગુજરાત, વન ડાયાલીસીસના શુભ સંકલ્પ સાથે રાજ્ય સરકાર કામ કરી રહી છે. ગરીબમાં ગરીબ માણસને સ્થાનિક સ્તરે તમામ આરોગ્ય સેવાઓ મળતી થઇ છે. સર્વે સન્તુ નિરામયાની ભાવના સાથે રાજ્ય સરકાર આરોગ્ય સેવાઓ સામાન્ય માણસ સુધી પહોંચતી કરી છે.

તેમણે કહ્યું કે, દુનયાની સૌથી મોટી આરોગ્ય સેવા આયુષ્યમાન મા યોજના થકી દેશના ૮૦ લાખ કુંટુંબોને મળી રહી છે. ગરીબ માણસ ગંભીર બિમારીથી પીડાય તો હોય તેણે પૈસાની ફિકર કરવાની રહેતી નથી. રાજ્યમાં પણ આરોગ્ય સુખાકારી ગરીબમાં ગરીબ માણસ સુધી પહોંચતી કરવામાં આવી છે. જિલ્લામાં પોષણ અભિયાન, વેકિસનેશન અભિયાન, મીશન ઇન્દ્ર ધનુષ, નિરામય ગુજરાત જેવી વિવિધ યોજનાઓ થકી સમાજના દરેક વર્ગને આરોગ્ય સેવાઓથી આવરી લેવામાં આવ્યો છે.

તેમણે ઉમેર્યું કે, જિલ્લામાં દેવગઢબારીયા સરકારી હોસ્પીટલ ખાતે નવા અદ્યતન ડાયાલિસિસ વિભાગ મળતાં હવે અહીંના સ્થાનિક લોકોને બહારના જિલ્લમાં જવાની ફરજ નહી પડે. અહીંના હોસ્પીટલ ખાતે ડાયાલિસિસ વિભાગની આરોગ્ય સુવિધાઓનો લાભ લેવા માટે મદયપ્રદેશથી પણ લોકો આવી રહ્યાં છે. આ ઉપરાંત પણ અન્ય તમામ અદ્યતન સુવિધાઓ અહીં મળી રહી છે.

પૂર્વમંત્રી અને ધારાસભ્ય બચુભાઈ ખાબડે જણાવ્યું કે, દાહોદ જિલ્લાના છેવાડાના ગામ સુધી પણ સરકારની આરોગ્ય સુવિધાઓ મળી છે. ગ્રામ્ય સ્તરે પણ પેટા આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધાઓ મળતા લોકોની આરોગ્ય સુખાકારીમાં વધારો થયો છે. અહીંના સરકારી હોસ્પિટલમાં ડાયાલીસીસ વિભાગ મળતા તાલુકાના નાગરિકોને બહારના જિલ્લામાં સારવાર માટે જવું નહિ પડે એ મોટી રાહત મળશે.

આ પ્રસંગે જિલ્લામાં નવા આરબીએસકેના ૧૨ વાહનોનો પણ પ્રારંભ રાજ્ય આરોગ્યમંત્રી નિમિષાબેન સુથાર સહિતના મહાનુભાવોએ ફલેગ ઓફ કરીને કરાવ્યો હતો. રાજ્ય આરોગ્યમંત્રીએ અહીંના સરકારી હોસ્પીટલના ડાયાલીસીસ વિભાગની મુલાકાત લઇ દર્દીઓ સાથે સંવાદ પણ કર્યો હતો.

આ વેળા કલેકટર ડો. હર્ષિત ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, નગરપાલિકા પ્રમુખ ડો.ચાર્મીબેન સોની, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સી.આર. પટેલ, પૂર્વ ધારાસભ્ય તુષારબાબા તેમજ ઉર્વશી દેવી, અગ્રણી સરતનભાઈ ચૌહાણ, તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતા.


દાહોદ ના દેવગઢબારીયા સરકારી હોસ્પિટલ ખાતે રાજ્ય કક્ષાના મંત્રી નિમિષાબેન સુથાર ના વરદહસ્તે ''૩૧ ડાયાલિસિસ વિભાગનો ઈ-લોકાર્પણ કાર્યક્રમ'' રાખવામાં આવેલ હતો જેમાં માનનીય સાંસદ સભ્ય તેમજ ધારાસભ્યો પણ હાજર રહેલ હતા આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રાજ્યકક્ષા ના આદિજાતિ મંત્રી નિમિષાબેન સુથારનો આદિવાસી સમાજ દ્વારા સખત વિરોધ ચાલી રહ્યો છે. તેવામાં આદિવાસી સમાજ ના સામાજિક કાર્યકર્તા શિરિષભાઈ બામણિયા વિરોધ કરવા માટે ના જાય તે હેતુ થી શિરિષભાઈ બામણિયા ના નિવાસ સ્થાને કાર્યક્રમના આગળ ની રાત્રી થી જ કાર્યક્રમ પૂર્ણ ના થાય ત્યાં સુધી ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવમાં આવ્યો હતો.


મોરવાહડફ ના ધારાસભ્ય અને રાજ્યકક્ષાના મંત્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ તબીબી શિક્ષણ અને આદિજાતિ વિકાસ મંત્રી નિમીષાબેન સુથાર બોગસ આદિવાસી બારીયા આવા ના BTP, BTTS ટીમ વિરોધ કરવા જવાના હોવા થી દાહોદ જિલ્લા BTP પ્રમુખ દેવેન્દ્ર મેડા, દાહોદ તાલુકા સોશિયલ મીડિયા પ્રભારી ક્રિષ્ના ચારેલ, દાહોદ તાલુકા મંત્રી સંજય ડામોર, સામાજિક કાર્યકર્તા સંજયભાઈ ડાંગી, લીમખેડા સામાજિક કાર્યકર્તા રાકેશભાઈ કટારા ને લીમખેડા થી ડિટન કરવા માં આવ્યા.

## ઝાલોદના લીમડીમાં ખુલ્લી જગ્યામાં રમાતા વરલી મટકા, આંક ફરકના જુગાર ધામ પર પોલીસેની રેડ : જુગારીયાઓ ફરાર

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં જાહેરમાં ખુલ્લી જગ્યામાં રમાતા વરલી મટકા, આંક ફરકના જુગાર ધામ પર પોલીસે ઓંચિતી રેડ કરતાં એકને પોલીસે રૂા.૧૩,૬૦૦ની રોકડ રકમ સાથે ઝડપી પાડ્યો હતો જ્યારે અન્ય બે ઈસમો પોલીસને ચકમો આપી નાસી જતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગત તા. ૨૮મી ફેબ્રુઆરીના રોજ ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં દાહોદ રોડ ઉપર ખુલ્લી જગ્યામાં જાહેરમાં દિનેશભાઈ નંદાભાઈ ગુજરાતી (માળી), બિપીનભાઈ લટુરસીંગ ગડરીયા અને કબીર ભગત (ત્રણેય રહે.લીમડી, તા.ઝાલોદ, જિ.દાહોદ) નાઓ એકબીજાના મેળાપીપળામાં વરલી મટકા, આંક ફરકનો જુગાર રમી, રમાડતાં હોવાની લીમડી પોલીસને બાતમી મળી હતી. મળેલ બાતમીના આધારે પોલીસે ઓચિંતી રેડ પાડતાં પોલીસે દિનેશભાઈ નંદાભાઈ ગુજારાતી (માળી)ને રૂા.૧૩,૬૦૦ ની રોકડ રકમ સાથે ઝડપી પાડ્યો હતો જ્યારે બિપીનભાઈ લટુરસીંગભાઈ ગડરીયા અને કબીર ભગત બંન્ને પોલીસને જોઈ નાસી ગયાં હતાં. આ સંબંધે લીમડી પોલીસે ઉપરોક્ત ત્રણેય ઈસમો વિરૂધ્ધ જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


## ઝાલોદ તાલુકાના ચાકલીયા ગામે બાઈક ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા અકસ્માત થતાં મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ચાકલીયા ગામે એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી અચાનક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં મોટરસાઈકલ સ્લીપ ખાઈ જતાં મોટરસાઈકલ ચાલકને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે. ગત તા. ૨૮મી ફેબ્રુઆરીના રોજ રાજસ્થાનના બાંસવાડા જિલ્લામાં સજ્જનગઢ તાલુકામાં રહેતાં કસારવાડી ગામે રાવત ફળિયામાં રહેતાં મુકેશભાઈ વિરાભાઈ ડામોર પોતાના કબજાની મોટરસાઈકલ લઈ ઝાલોદ તાલુકાના ચાકલીયા ગામેથી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યાં હતાં તે સમયે મોટરસાઈકલની વધુ પડતી ઝડપના કારણે મોટરસાઈકલ સ્લીપ ખાઈ જતાં મુકેશભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતાં જેને પગલે તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમનું મોત મોત નીપજ્યું હતું.

આ સંબંધે રાજસ્થાનના બાંસવાડા જિલ્લામાં સજ્જનગઢ તાલુકામાં રહેતાં કસારવાડી ગામે રાવત ફળિયામાં રહેતાં કોમનભાઈ મડીયાભાઈ ડામોરે ચાકલીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદની પંકજ સોસાયટી ખાતે મધ્યરાત્રિએ એક મકમાનમાંથી ચોરી



દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ પંકજ સોસાયટી ખાતે મદયરાત્રિના સમયે અજાણ્યા ચોર ઈસમોએ દ્વારા એક બંધ મકાનને નિશાન બનાવી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રૂપિયા મળી કુલ રૂ ૧,૬૫,૨૦૦ ની મતાનો હાથફેરો કરી તસ્કરો નાસી જતા વિસ્તારમાં તસ્કરોનો ત્રાસને પગલે ફફડાટ સાથે ચકચાર મચી જવા પામ્યો હશે.

દાહોદ શહેરમાં આવેલ પંકજ સોસાયટી ખાતે રહેતા કાલિદાસ મગનલાલ પરમારના બંધ મકાનને ગત રોજ રાત્રીના સમયે અજાણ્યા ચોર ઈસમોએ નિશાન બનાવ્યું હતું અને મકાનના પાછળના દરવાજાનો સેન્ટર લોક તોડી તસ્કરોએ મકાનમાં પ્રવેશ કર્યો હતો અને તિજોરી તોડી તીજોરીમાં મુકી રાખેલ સોના ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૬૫,૨૦૦ ની મત્તાની ચોરી કરી તસ્કરો અંધારાનો લાભ લઈ નાસી જતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

આ સંબંધે કાલિદાસ મગનલાલ પરમાર દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.160

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લાના શિવાલયો શિવરાત્રિના દિવસે હર હર મહાદેવના નાંદ થી ગુંજી ઉઠયા




તસ્વીર : તુષાર દરજી, શહેરા



શહેરામાં બ્રહ્મસમાજ દ્વારા શિવરાત્રીને લઈને શિવજીની ભવ્ય શોભાયાત્રા નગરના મેઈન બજાર, હોળી ચકલા સહિત વિસ્તારોમા નીકળી હતી. જયારે શોભાયાત્રા દરમિયાન શિવજીના ભકિતમય ગીતો વચ્ચે શિવ ભક્તો ખુશીથી ઝુમી ઉઠવા સાથે વાતાવરણ ભકિતમય બની ગયું હતુ.



શહેરા તાલુકાના પોયડા ગામે પુનઃ નિર્માણ થયેલ નીલકંઠ મહાદેવ ખાતે શિવરાત્રીના શુભ અવસરે શિવલિંગ સહિત પાર્વતી માતા અને અન્ય દેવતાઓની મૂર્તિ ઓની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો લોક સહયોગથી નીલકંઠ મહાદેવ ના સમગ્ર પરિસરનું બાંધકામ કામ સૌરાષ્ટ્રના ધાગ્રંધા ના મહેશભાઈ સોમપુરા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનો તેમજ આસપાસ ના ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહી દર્શન તેમજ ભંડારામાં પ્રસાદ અને ફરાળ પ્રસાદનો લાભ લીધો હતો.

શહેરા,

શહેરા સહિત જીલ્લાના શિવાલયો શિવરાત્રિના દિવસે હર હર મહાદેવના નાંદ થી ગુંજી ઉઠયા હતા. મરડેશ્વર મહાદેવ મંદિર ખાતે દેવાધિદેવ મહાદેવ ના દર્શન કરવા ભક્તો ની લાંબી લાઈન લાગી હતી સ્વયંભૂ મરડેશ્વર મહાદેવનું શિવલિંગ શિવરાત્રી ની રાત્રીએ ચોખા નાં દાણા જેટલું વધતું હોય છે.

શહેરા સહિત સમગ્ર જીલ્લા ના શિવાલયો બમ..બમ ....ભોલે ના નાંદ થી ગુંજી ઉઠવા સાથે મહાદેવના ભક્તોની ભીડ દર્શન માટે જોવા મળી હતી જયારે મરડેશ્વર મહાદેવના પૌરાણિક મંદીર ખાતે શિવરાત્રી ના દિવસે દર્શન નો વિશેષ મહિમા રહેલો હોવાથી વહેલી સવાર થી જ મંદિર નું પરિસર બમ બમ ભોલે ના નાંદ થી ગુંજી ઉઠ્યું હતુ. મંદિર ખાતે દુર દુરથી શ્રદ્ધાળુઓ આવી આઠ ફૂટ પહોળા અને આઠ ફૂટ ઉંચાઈ ધરાવતા સ્વયંભુ શિવલિંગ મરડેશ્વર મહાદેવના ભવ્ય શિવલિંગના દર્શન કરી ધન્ય થયા હતા સ્વયંભુ પ્રાચીન શિવલિંગ હોઈ અહી દર્શન કરવાથી જ્યોતિર્લીંગ ના દર્શન જેટલું જ પુણ્ય મળતું હોઈ દર્શનાર્થીઓ દર્શન કરી પુણ્ય પ્રાપ્ત કરે છે ચમત્કારિક શિવલીંગ સ્વંય શંકર ભગવાનની પ્રતિતી કરાવે છે પ્રતિવર્ષની જેમ અહી આ વર્ષે પણ પરંપરા મુજબ મેળોભરાયો હતો આ શિવલિંગ શિવરાત્રીની રાત્રીએ ચોખા ના દાણા જેટલું વધતું હોવાની લોક માન્યતા પણ છે. મંદિર ખાતે બ્રહ્માકુમારી દ્વારા આધ્યત્મિક પ્રદર્શન રાખવામા આવેલ હતુ તેમા સાચી શાંતિ કઈ રીતે મળે, વ્યસન મુક્તિ માટે ના સંદેશો જન જન સુધી પહોચાડી રહયા હતા મોટી સંખ્યામાં શિવભક્તોએ આ પ્રદર્શન નિહાળેલ અને અમુક એ તમાકુ અને દારૂ જેવા વ્યસન અહી છોડી ને ગયા હતા.

## ગોધરાની GIDCમાં વધુ ઉદ્યોગો સ્થાપિત થાય તેવી માંગ સાથે ગોધરાના સામાજીક કાર્યકર દ્વારા મુખ્યમંત્રીને લેખિતમાં રજૂઆત




ગોધરા,

ગોધરા શહેરમાં બેરોજગાર યુવાનોને રોજગારીની તકો ઊભી થાય તે માટે તંત્ર દ્વારા વિચારવામાં આવે તે હાલની પરિસ્થિતિને જોતા અત્યંત જરૂરી છે. જયારે જીઆઇડીસી વિસ્તારમાં વધુ ઉદ્યોગો અને કંપનીઓ આવે તો રોજગારીની તકો ઉભી થાય તેવી શક્યતા હાલ રહેલી હોય જેને લઈને સામાજિક કાર્યકર દ્વારા રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને આ મામલે રજૂઆત કરાઈ હતી.

પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા શહેરનો ઔદ્યોગિક વિકાસ કરવા માટે શહેરમાં જીઆઇડીસીનો વિસ્તારમાં મોટા ઉદ્યોગો અને કંપનીઓ સ્થાપવા માટે ગોધરાના સામાજિક કાર્યકર દ્વારા રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ને રજૂઆત કરાઈ છે. જેમાં જણાવ્યું હતુ કે પંચમહાલ જિલ્લાનું મુખ્ય મથક ગોધરા શહેર ગોધરાકાંડ બાદ દેશ અને સમગ્ર વિશ્વમાં ચર્ચામાં આવ્યું હતું અને ગોધરાની છબી દેશ સહિત દુનિયામાં ખરડાઈ હતી અને જેના કારણે ગોધરા શહેરના વેપાર ધંધા અને વિકાસ ઉપર તેની માઠી અસરો આજદિન સુધી જોવા મળે છે, પણ હવે ગોધરા વિકાસ ઝંખે છે અને ઔદ્યોગિક શહેર તરીકેની નવી ઓળખ માંગે છે. ગોધરા રાજ્યના અન્ય મહાનગરોની સરખામણીમાં ઘણું પાછળ છે, ગોધરા શહેરની જીઆઇડીસીનો અને ઔદ્યોગિક વિકાસ થઈ શક્યું નથી. શહેરમાં કોઈ મોટા ઉદ્યોગો કે કંપનીઓ નથી, ઉલ્ટાનું જે તે સમયે પંચમહાલ જિલ્લામાંથી દાહોદ અને મહીસાગર જિલ્લાનું વિભાજન થવાના કારણે ગોધરા શહેરના વેપાર ધંધા ખલાસ થઈ ગયા છે, જેના કારણે સ્થાનિક લોકોને ઘર આંગણે પૂરતા પ્રમાણમાં રોજગાર મળતો નથી અને પોતાના વેપાર-ધંધાના વિકાસ માટે તેમને ના છુટકે રાજ્યના અન્ય મહાનગરો જેવા કે વડોદરા, સુરત, અમદાવાદ, રાજકોટ વગેરે જેવા મોટા શહેરો તરફ પ્રયાણ કરવું પડી રહ્યું છે અને ગોધરામાં મોટા ઉદ્યોગો, કંપનીઓ ન હોવાના કારણે આજુબાજુના ગામના શિક્ષિત બેરોજગારો ઉપરાંત શ્રમિક વર્ગને પણ રોજગારી માટે મોટા શહેરો, મહાનગરોમાં રઝળપાટ કરવું પડી રહ્યું છે. જો કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ગોધરા શહેરમાં જીઆઇડીસી નો વિકાસ કરવામાં આવે અને મોટી કંપનીઓ અને ઉદ્યોગો સ્થાપવામાં આવે તો ગોધરા શહેર સહિત તાલુકાના આસપાસના ગામના સ્થાનિક લોકોને ઘર આંગણે રોજગારી મળી રહે અને બેકારી ઓછી થાય સાથે શહેરના વેપાર ધંધાનો પણ વિકાસ થાય અને શહેરના વેપારી વર્ગ સહિત શ્રમિક વર્ગને રોજીરોટી માટે બહાર મહાનગરો તરફ ન જવું પડે તે માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા ગોધરા શહેરના ઝડપી ઔદ્યોગિક વિકાસ માટે આગોતરૂ આયોજન કરી, નક્કર અને જરૂરી પગલાં આ દિશામાં જો લેવામાં આવે તે જરૂરી છે. જીઆઈડીસી વિસ્તારમાં વધુ ઉદ્યોગો તેમજ કંપનીઓ આવે તો સ્થાનિક જિલ્લા ના યુવાનો તેમજ અન્ય લોકોને નોકરીની તકો ઊભી થઈ શકે તેમ હોવાથી તંત્ર દ્વારા જીઆઇડીસીનો વિસ્તારની પરિસ્થિતિ અંગેનો ચિતાર મેળવે તે પણ જરૂરી બની રહ્યું હોય ત્યારે બેરોજગાર યુવાનોને રોજગારીની તકો ઊભી થાય તે માટે તંત્ર ઉપરોક્ત બાબતને કેટલી ગંભીરતાથી લે છે તે આવનાર દિવસોમાં ખબર પડી જશે તો નવાઈ નહીં.

## મહાશિવરાત્રિના પર્વએ ગોધરા શિવાલયોમાં ભાવિ ભકતો ઉમટી પડ્યા



ગોધરા,

પંચમહાલ જિલ્લામાં શિવરાત્રિના પાવન પર્વએ શિવાલયો હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યા. વહેલી સવારથી ભાવિ ભકતો શિવાલયોમાં પહોંચી ભક્તિમાં લીન બન્યા હતા. ગોધરા શહેર સહિત તમામ શિવાલયોમાં ભાવિ ભકતોનો જમાવડો જોવા મળ્યો હતો.

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરના અંકલેશ્વર મહાદેવ મંદિર, લાલબાગ ટેકરી મહાદેવ મંદિર, આદિત્યનાથ મહાદેવ મંદિર, સોમનાથ મહાદેવ મંદિર, સહિતના શિવાલયોને શિવરાત્રિના પાવન પર્વને લઈ ફુલોથી શણગારવામાં આવ્યા હતા. જિલ્લાના શહેરાના મરડેશ્વર મહાદેવ, ગળતેશ્વર મહાદેવ મંદિર સહિતના પૌરાણિક શિવાલયોમાં શિવરાત્રિના પર્વને લઈ આસ્થા અને ભક્તિ સાથે ભાવિ ભકતો શિવાલયોમાં પહોંચી શિવ આરાધનામાં લીન બન્યા હતા. વહેલી સવારથી શિવાલયો હર હર મહાદેવ, બમ બમ ભોલે અને ઓમ નમઃ શિવાયના નાદથી ગુંજી ઉઠ્યા હતા. ભાવિ ભકતો શિવાલયોમાં દુધ, જલ અને બિલીપત્રનો અભિષેક કરીને દેવાધિ દેવ મહાદેવની કૃપા પોતાની ઉપર કાયમી બની રહે તેવી પ્રાર્થના કરતા જોવા મળ્યા હતા. આજે મોડી રાત્રિએ શિવાલયોમાં મહાઆરતી કરાશે.

## ગોધરામાં ચેક રિટર્ન કેસમાં આરોપીને ૧ વર્ષની જેલની સજા અને રૂપિયા ૨ લાખ દંડ નો હુકમ કરતી અદાલત

ગોધરા,

રોજ બરોજના નાણાકીય વ્યવહારોમાં સમાજમાં ચેકની વિશ્વાસનિયતામાં લોકોને ભરોશો રહે તે માટે કોર્ટો દ્વારા પણ ચેક રિટર્ન થવાના કેસોમાં ગુનેગારો સામે લાલ આંખ કરવામાં આવી રહેલી છે.

ગોધરા કોર્ટ દ્વારા ચેક રિટર્નના કેસોના ગુનેગારોમાં દાખલો બેસે તેવો મહત્વનો હુકમ કરવામાં આવેલ છે. આરોપીને ચેક રિટર્ન થવાના કેસમાં ગુનેગાર ઠરાવીને ૧ વર્ષ ની જેલની સજા અને રૂપિયા ૨ લાખ દંડ તરીકે ભરવા અને રૂપિયા ૨ લાખ અલગથી ફરિયાદીને વળતર તરીકે ચૂકવી આપવાનું હુકમ કરવામાં આવેલ છે.

વિગતવાર મળેલી માહિતી મુજબ ગોધરાના પાંજરાપોળમાં ધીરધારનું ધંધો કરનાર સારથી એસોસિએટ્સ નામની સંસ્થાએ પોતાના મેનેજર હસમુખભાઈ પંડ્યા મારફતે ગોધરા કોર્ટમાં એવી ફરિયાદ કરેલી છે કે આરોપી કેયુરભાઈ વિનોદચંદ્ર ચોકસી રહેવાસી કાજીવાડા સોનીવાડ ગોધરા નાઓએ તેમની સંસ્થામાંથી રૂપિયા ૨ લાખનું ધિરાણ લીધેલ છે અને તે લોનની બાકી નીકળતી રકમની ફરિયાદીએ ઉઘરાણી કરતા તે રકમની પરત ચુકવણી પેટે આરોપીએ ફરિયાદીને પોતાની દેના બેન્કનો રૂપિયા ૨ લાખ નું ચેક લખી આપેલ હતો પરંતુ તે ચેક ફરિયાદીએ પોતાની જનતા કો.ઓ.બેન્ક મારફતે ક્લિયરિંગમાં મોકલતા દેના બેંકે આ ચેક એકાઉન્ટ બ્લોક્ડ ના કારણસર પરત કરેલ- તેથી કાયદેસરની નોટિસ આપવા છતાં આરોપીએ ફરિયાદી સંસ્થાને ચેકની રકમ ચુકેવેલી નહિ. તેથી ફરિયાદીએ ગોધરા કોર્ટમાં ચેક રિટર્ન ગુનાની ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ ગોધરા કોર્ટમાં ચાલી જતા કોર્ટમાં રજુ થયેલ પુરાવાઓ અને ફરિયાદી સારથી એસોસોએટ્સના વકીલ અશોકભાઈ સામતાણીની દલીલોને દયાનમાં લઈને ગોધરાના એડી.જ્યુ. મેજિસ્ટેટ ફર્સ્ટ કલાસ જજ શૈલેષકુમાર પટેલએ આરોપી કેયુર વિનોદચંદ્ર ચોકસીને ચેક રિટર્ન થવાના ગુનામાં કાસુરવાન ઠરાવીને આરોપીને ૧ વર્ષની જેલની સજા અને રૂપિયા ૨ લાખ દંડ અને દંડ ન ભરેતો વધુ દિન ૧૫ ની જેલની સજા અને ચેકની રકમ રૂપિયા ૨ લાખ આરોપીએ ફરિયાદીને વળતર તરીકે ચૂકવી આપવાનો દાખલો બેસાડતો હુકમ કરેલ છે.

## મહુધાના ફલોલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીના માજી મંત્રીએ કરી લાખોની ગોલમાલ

ખેડા,

ખેડા જિલ્લાના મહુધા પંથકના ફલોલી ગામે ઉચાપતના બનાવ પ્રકાશમાં આવ્યો છે. આ ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળીના માજી મંત્રીએ પોતાના હોદ્દા પર રહીને લાખોની ગોલમાલ આચરતાં ચકચાર જાગી છે. સમગ્ર મામલો ઓડિટ દરમ્યાન બહાર આવતા આ સંદર્ભે આજે હાલના ચેરમેને ઉચાપત આચરનાર માજી મંત્રી સામે મહુધા પોલીસમા ફરિયાદ આપતા પોલીસે ઉચાપત અંગેનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.મહુધા તાલુકાના ફલોલી ગામે આવેલ દૂધ ઉત્પાદક સહકારી મંડળીમા વર્ષ ૨૦૧૫થી ૨૦૧૯ દરમિયાન ગામના સુધીર પુંજાભાઈ ચૌહાણ મંત્રી તરીકેની ફરજ બજાવતા હતા. આ દરમિયાન તેઓએ મંડળીના વહીવટના નાણાંની ગોલમાલ આચરી હતી. સુધીર ચૌહાણે અલગ અલગ રીતે મંડળીના કુલ્લે રૂપિયા ૫ લાખ ૨૨ હજાર ૩૯૩ની હંગામી ઉચાપત આચરી હતી.

૨૦૧૯ના એપ્રીલ માસમાં ઓડિટ થતાં આ સમગ્ર ઉચાપતનો કૌભાંડ બહાર આવ્યું હતું. આ ઓડીટ વર્ષ ૨૦૨૧મા પૂર્ણ થયું હતું. જેમા ઉપરોક્ત રકમ પૈકી ૫ લાખ ૭ હજાર ૭૨૩ની હંગામી તથા ૧૪ હજાર ૬૭૦ની કાયમી ઉચાપતનો પર્દાફાશ થયો હતો. માજી મંત્રી સામે ફોજદારી કાર્યવાહી કરવા પગલા ભરવા આદેશ થતાં ગતરોજ આ મામલે દૂધ ઉત્પાદક મંડળીના ચેરમેન બાબુભાઈ વજેસિંહ સોઢા પરમારે ઉચાપત આચરનાર માજી મંત્રી સુધીર પુંજાભાઈ ચૌહાણ સામે મહુધા પોલીસમા ફરિયાદ નોંધાવી છે. પોલીસે આઈપીસી ૪૦૮ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ઝાલોદના રળીયાતી ભુરા ગામની પરણિતા દ્વારા પતિ તથા સાસુ સસરા વિરૂધ્ધ શારિરીક અને માનસીક ત્રાસ આપતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના રળીયાતી ભુરા ગામની પરણિતા દ્વારા પોતાના પતિ તથા સાસુ સસરા વિરૂદ્ધ શારિરીક અને માનસીક ત્રાસ આપતાં હોવાની ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ઝાલોદ તાલુકાના રળીયાતી ભુરા ગામે મુનીયા ફળિયામાં લગ્ન કરેલ ૨૩ વર્ષીય લક્ષ્મીબેન વાલુભાઈ ભુરીયા દ્વારા મહિલા પોલીસ મથકે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, આજથી દોઢેક વર્ષ અગાઉ પોતાના લગ્ન ગામમાં રહેતાં આશિષભાઈ નરસીંગભાઈ મુનીયા સાથે સમાજના રિતી રિવાજ મુજબ થયાં હતાં. લગ્નના થોડા સમય સુધી લક્ષ્મીબેનને પતિ આશિષભાઈ દ્વારા સારૂં રાખ્યા બાદ પોત પ્રકાશ્યું હતું અને સસરા નરસીંગભાઈ વીરાભાઈ મુનીયા અને સાસુ પીથાબેન નરસીંગભાઈ મુનીયા દ્વારા શારિરીક અને માનસીક ત્રાસ આપી, હેરાન પરેશાન કરવાનું શરૂં કરી દીધું હતું. લક્ષ્મીબેનને બેફામ ગાળો બોલી, અમારે તને રાખવી નથી, તું અમને ગમતી નથી, તારા પિતાએ તને કન્યાદાનમાં કશુ આપ્યું નથી, તેમ કહી મારકુટ કરી લક્ષ્મીબેનને શારિરીક અને માનસીક ત્રાસ આપી લક્ષ્મીબેનને પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકતાં લક્ષ્મીબેન પોતાના પીયર ઝાલોદ તાલુકાના પારેવા ગામે આવી પહોંચી હતી.

આ સંબંધે પરણિતા લક્ષ્મીબેન વાલુભાઈ ભુરીયા દ્વારા પોતાના પતિ તથા સાસુ, સસરા વિરૂદ્ધ દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગરબાડાના અભલોડ ગામના ગ્રામજનો લીલ અને દુષિત પાણી પીવા મજબુર

ગરબાડા,

ગરબાડા તાલુકાના અભલોડ ગામતળના રહિશો ગામતળમાં આવેલ વર્ષો જુના કુવા પરથી પીવાના પાણીનો ઉપયોગ કરે છે. ૨૫૦ ઘરના ૧૨૦૦ ઉપરાંત લોકો આ કુવાનુ પાણી પીવા માટે ઉપયોગમાં લે છે. આ એક્માત્ર કુવો છે જે પીવાનુ પાણી વર્ષોથી પુરૂ પાડી રહ્યો છે. પાછલા બે માસથી આ કુવાના પાણી પર લીલા કલરની વનસ્પતિ અને લીલ જેવુ આખા કુવામાં જોવા મળી રહ્યુ છે જેના કારણે પાણી પણ દુષિત અને લીલા કલરનુ થઈ રહ્યુ છે. લોકો પાસે આ પાણી પીવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હોવાથી આવુ લીલા કલરનુ અને દુષિત પાણી પીવા લોકો મજબુર બન્યા છે. ત્યારે ગામના રહિશોએ તંત્રને જાણ પણ કરી છતાં પણ આ કુવાનુ પાણી ખાલી કરીને સફાઈ કરવામાં આવી નથી. બે-ત્રણ મહિનાથી આવુ દુષિત પાણી પીતા લોકો કોઈ રોગના ભરડામાં સફાઈ ન જાય તે માટે આરોગ્યતંત્રએ વહેલી તકે આ સમસ્યાનુ નિરાકરણ કરવુ જોઈએ તેવી ગામના રહિશોની માંગ ઉઠવા પામી છે.

## ફતેપુરા નગરમાં આખલાઓ લડતા રાહદારી ઘાયલ

ફતેપુરા,

ફતેપુરા નગરમાં પાછલા પ્લોટ વિસ્તારમાં બે આખલાઓ રસ્તામાં લડતા એક રાહદારી વ્યકિત ઘાયલ થઈ હતી.

ફતેપુરા નગરમાં મોડીસાંજે બે આખલા સામસામે આવી જતા દોડધામ મચી જવા પામી હતી. નગરમાં રખડતા ઢોરોના ત્રાસના કારણે નગરજનો પરેશાન થઈ રહ્યા છે. ત્યારે ફરીથી બે આખલાઓ સામ સામે આવી જતા તેઓની લડાઈમાં એક વ્યકિતને ઈજાઓ પહોંચી હતી. જેને તાત્કાલિક સારવાર મળી જતા તેનો આબાદ બચાવ થયો હતો. તેમજ રસ્તા પર પાર્ક કરેલા વાહનોને પણ ભારે નુકસાન પહોંચ્યુ હતુ. થોડા દિવસ પહેલા ધુધસ રોડ વિસ્તારમાં પણ એક વ્યકિતને રખડતા ઢોર એ ઘાયલ કરવાનો બનાવ બન્યો હતો. ત્યારે આવા રખડતા ઢોરના માલિકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.